

* સમવસરણ (જિનમંદિર) જિનબિંબ આદિ વીતરાગતાના સ્મરણના નિમિત્તો છે. 'આવા જીવો છે એના એવા પુણ્યો છે'—એ બધું જોતાં, વર્તમાનબુદ્ધિ છૂટી જઈને ત્રિકાળીની બુદ્ધિ થાય છે અને એને માટે આ સમવસરણ જિનમંદિર આદિ નિમિત્તો છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ અનંત-ઉપકારી પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૨૩ □ (૫૯૧) * આત્મધર્મ * (અંક-૭ વર્ષ-૫૧) □ વીર સં. ૨૫૧૯ જાન્યુઆરી, ૧૯૯૩

# 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* આ અલ્પ આયુષ્ય અને ચંચળ કાયાને એ (મોક્ષ) માર્ગમાં ખપાવી દેતાં જો પરમ શુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી હોય તો તને ફૂટી કોડીના બદલામાં ચિંતામણિરત્નથી પણ અધિક પ્રાપ્ત થયું છે એમ સમજ. હે જીવ! સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચાર આરાધનાની ઉત્તરોત્તર વૃદ્ધિ અને શુદ્ધિમાં તારા આ માનવ-જીવનનો જે કાળ છે, તેટલું જ તારું સફળ આયુષ્ય છે એમ સમજ. ૩૩૭.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૭૦)

* જેમ કોઈ પુરુષ દરિદ્ર છે, કરજવાન છે, તેનો ચિંતામણિ છે, ત્યારે કોઈએ કહ્યું—આ ચિંતામણિના પ્રભાવથી નિધિ વિસ્તરી રહ્યો છે, ફલાણાને ફળ આપ્યું છે માટે હવે તમે પણ નિધિ તો લ્યો! સાક્ષાત્કાર થયે સર્વ ફળ પામશો. ત્યારે પ્રતીતિમાં તો ચિંતામણિ પ્રાપ્ત કર્યા જેવો તેને હર્ષ થાય છે. એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એકદેશમાં એવો જાણવામાં આવ્યો કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વપ્રતીતિદ્વાર આવ્યું, જેથી અશુદ્ધત્વ અંશ પણ પોતાનો કલ્પતો નથી. ૩૩૮.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૫)

* જેમ કોઈ મહાન દરિદ્રીને અવલોકનમાત્ર ચિંતામણિની પ્રાપ્તિ થાય છતાં તે ન અવલોકે તથા જેમ કોઈ કોઢીયાને અમૃતપાન કરાવવાં છતાં પણ તે ન કરે, તેમ સંસારપીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા કોણ કરી શકે? તેનું તો હોનહાર જ વિચારી પોતાને સમતા આવે. ૩૩૯.

(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર ૧, પાનું-૨૩)

* જે ભવ્ય પ્રાણી ભક્તિથી જિનભગવાનના દર્શન, પૂજન અને સ્તુતિ કરતા રહે છે તે ત્રણે લોકમાં પોતે જ દર્શન, પૂજન અને સ્તુતિ યોગ્ય બની જાય છે. અભિપ્રાય એ છે કે તે પોતે પણ પરમાત્મા બની જાય છે. ૩૪૦.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક ૧૪)

—*—

કહાન સંવત-૧૩ વર્ષ-૪૯ અંક-૭ [ ૫૯૧ ]

વીર સંવત ૨૫૧૯ સં. ૨૦૪૯ JAN. A.D. 1993




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * જિનાગમ સ્યાદ્વાદ લક્ષણથી શોભે છે *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૭ )

શ્રી સમયસાર શાસ્ત્રના ૪થા કળશની ટીકા શરૂ કરીએ છીએ. આ નાટક સમયસારનો જીવદ્વારનો ૫મો શ્લોક છે.

બનારસીદાસજી શાસ્ત્રનું માહાત્મ્ય કહે છે.

निहचैमें रूप एक विवहारमैं अनेक,
याही नै-विरोधमैं जगत भरमायो है।
जगके विवाद नासिबेकौं जिन आगम है,
जामैं स्याद्वादनाम लच्छन सुहायौ है।
दरसनमोह जाकौ गयो है सहजरूप,
आगम प्रमान ताके हिरदैमें आयो है।
अनैसौं अखंडित अनूतन अनंत तेज,
एसो पद पूरन तुरंत तिनि पायो है ।।५।।

નિશ્ચયનયમાં પદાર્થ એકરૂપ છે અને વ્યવહારમાં અનેકરૂપ છે. અનંતગુણથી અભેદ આત્માને દેખો તો એ એકરૂપ છે, અનેક ગુણો તથા પર્યાયોથી જુઓ તો આત્મા અનેકરૂપ છે. એક છે તે જ અનેક છે કેમ કે, વસ્તુદૃષ્ટિએ આત્મા એક છે અને તેની શક્તિ અને અવસ્થા જુઓ તો અનેક છે.

**याहीं नै-विरोधमें जगत भरमायो है ।** નિશ્ચય અને વ્યવહારનયના ભાન વિના જગત ભ્રમમાં પડયું છે. વસ્તુને એકરૂપ જ માને, ગુણ અને અવસ્થાથી અનેક છે એમ ન માને તે ભ્રમમાં છે; તેમ જ જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિઓ હોવા છતાં વસ્તુ તરીકે આત્મા એક છે એમ ન માને તોપણ ભ્રમમાં છે.

આત્મા શું ચીજ છે તેનું ભાન થવું તે જ ધર્મ છે, તે જ સમ્યગ્દર્શન છે અને એ જ જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે.

વ્યવહાર એટલે ભેદથી જોઈએ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અને અવસ્થાઓ અનેક છે અને અભેદથી જોઈએ તો વસ્તુ એક છે. જેમ સોનાને વસ્તુ તરીકે જુઓ તો સોનુ એક વસ્તુ છે પણ પીળાશ, ચીકાશ, વજન આદિથી જુઓ તો તેમાં અનેક ગુણો અને અવસ્થાઓ દેખાય છે. આત્મા સત્ ચિદાનંદ જ્ઞાન અને આનંદના રૂપવાળો એક પદાર્થ છે.

જગતના લોકોમાં કોઈ તો આત્માને અખંડ એકરૂપ જ દેખે છે અને કોઈ આત્માને અનેક અવસ્થાવાળો જ દેખે છે. તે બંનેની ભૂલ છે. વસ્તુને એકાંતે એકપક્ષી દૃષ્ટિથી જુએ છે તે ભ્રમમાં પડયા છે. વસ્તુને અખંડપણે ન માને તે પણ ભૂલ છે અને અનેક ગુણ-પર્યાયરૂપે પણ વસ્તુ પોતે જ છે એમ ન માને તે પણ ભૂલ છે, ભ્રમ છે. પરસ્પર વિરુદ્ધ બે નયમાં જગત ભરમાયું છે. કોઈ એકને માનતું નથી અને કોઈ અનેક માનતું નથી, બંને ભૂલમાં છે.

**जगके विवाद नासिवेकों जिन आगम है ।** આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે તે પરનું કાર્ય કરવાવાળો કે પરથી પોતાનું કાર્ય કરાવવાવાળો નથી, સર્વને જાણવાવાળો છે, એવા જાણનાર તત્ત્વની અંતર્મુખ એકાગ્રતા વડે જેણે પોતાની શક્તિના સત્ત્વમાં સર્વને જાણવાપણું હતું તે વર્તમાન દશામાં પ્રગટ કર્યું તેનું નામ 'સર્વજ્ઞ' છે. આવા સર્વજ્ઞ ભગવાનની જે વાણી નીકળી તે નિશ્ચય અને વ્યવહારના વિરોધને મટાડનારી છે.

સર્વજ્ઞ વીતરાગદેવની વાણી નય-વિરોધને કેવી રીતે મટાડે છે?—કે વસ્તુ દૃષ્ટિએ—સામાન્યદૃષ્ટિએ—તત્ત્વદૃષ્ટિએ આત્મા એક છે અને વ્યવહારદૃષ્ટિએ-ભેદ દૃષ્ટિએ આત્મા અનેકરૂપ છે તે બેમાં કાંઈ વિરોધ નથી પણ જગતના અજ્ઞાની જીવોએ કદી પોતાની જાતને જાણવાનો પ્રયત્ન કર્યો નથી. જોનારો પોતે છે પણ જુએ છે બીજાને એવી દશા થઈ છે. પોતે કોણ છે તેને જાણતો નથી. 'વર વિનાની જાન' જેવી દશા થઈ છે, જાણનારો પોતે અને જાણે છે બીજાને!

તું કોણ છો અને કેવી રીતે છો?—હું વસ્તુદૃષ્ટિએ એક છું અને જ્ઞાન,

આનંદ આદિ ગુણના ભેદ તરીકે અનેક છું. બે દૃષ્ટિમાં વિરોધ લાગે છે તેને વીતરાગ શાસન વિરોધ મટાડી દે છે કે, દ્રવ્યદૃષ્ટિએ આત્મા એક જ હોય અને ભેદદૃષ્ટિએ અનેક જ હોય.

જે એક હોય તે અનેક કેમ હોય? અને જે અનેક હોય તે એક કેમ હોય? તેને તો પરસ્પર વિરોધ છે એમ લાગે. જૈનદર્શન તેનો વિરોધ મટાડી દે છે. વીતરાગના આગમ તેનો વિરોધ મટાડી દે છે કે ભાઈ! સોનું સોનાપણે એક છે પણ પીળાશ, ચીકાશ આદિ ગુણ અને હાર, કંકણ, કુંડલ આદિ અવસ્થાપણે અનેક છે તેમાં જેમ વિરોધ નથી તેમ આત્માના સ્વરૂપમાં પણ વિરોધ નથી. એક હોવા છતાં અનેક સાથે વિરોધ નથી અને અનેક હોવા છતાં એક સાથે વિરોધ નથી. વસ્તુદૃષ્ટિએ એક છે અને અવસ્થાદૃષ્ટિએ અનેક છે આમ, વીતરાગનું શાસન 'અપેક્ષા'થી સમજાવીને વસ્તુને સિદ્ધ કરે છે અને વિરોધ મટાડી દે છે.

દ્રવ્યદૃષ્ટિએ એક છે અને પર્યાયદૃષ્ટિએ અનેક છે એમ પરસ્પર વિરૂદ્ધતા હોવા છતાં વસ્તુમાં વિરોધતા ટાળવાની આ દૃષ્ટિ શાસ્ત્ર આપે છે.

જો વસ્તુ સર્વથા એકરૂપ જ હોય તો તેમાં જાણવું, દેખવું, શ્રદ્ધા કરવી, આનંદ પ્રગટ કરવો એવી અનેકરૂપતા ન હોઈ શકે અને જો વસ્તુ સર્વથા અનેકરૂપ જ હોય તો, એકરૂપ આનંદકંદનો અનુભવ ન થાય. એક વિના અનેકતા ન હોઈ શકે. એક વિના અનેક દશા પ્રગટ ન થાય અને અનેક ન માને તો પ્રગટ અનેક દશાની નાસ્તિ થાય છે.

આ મારગ બહુ ઝીણો છે પણ જ્ઞાનમાં સમાય તેવો છે, બુદ્ધિગમ્ય થાય તેવો છે, સર્વજ્ઞથી સિદ્ધ થયેલો મારગ છે પણ કદી એ જાતનો પ્રયત્ન જ કર્યો નથી.

**जामैं स्याद्वादनाम लच्छन सुहायो है** । વીતરાગનું આગમ સ્યાદ્વાદ નામના લક્ષણથી શોભિત છે. સ્યાદ્વાદથી જ વીતરાગનું આગમ ઓળખી શકાય છે. કેમ કે સ્યાદ્વાદ એ આગમનું લક્ષણ છે. સ્યાત્ એટલે કથંચિત્, વાદ એટલે કહેવું. વસ્તુ કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે અથવા તો દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. વસ્તુ અપેક્ષાએ એક છે, અવસ્થા દૃષ્ટિએ અનેક છે. આમ કથંચિત—અપેક્ષા વડે જિનાગમ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ બતાવે છે.

આ સમજવું ઝીણું છે માટે તેમાં બરાબર ઉપયોગ લગાડવો. બહારમાં તો કોઈનું ડહાપણ કાંઈ કામ લાગતું નથી.

શ્રોતા :—વિવેક તો કામ લાગે ને ! કઈ વસ્તુ કોને દેવી કોને ન દેવી એ બધું વિવેકથી થાય ને !

પૂજ્ય ગુરુદેવ :—જડના રજકણનું જવું-આવવું એના પોતાથી થાય છે તે આત્માના કારણે નથી. પરમાણુને પલટાવવાનો ભાવ એ તો અજ્ઞાન છે. જડ તો સ્વતંત્ર વસ્તુ છે તે કાંઈ જીવને આધીન નથી. જીવના સ્વરૂપમાં વિકલ્પ જ નથી ત્યાં દેવા-લેવાની વૃત્તિ કયાંથી ઉઠાવે ! મનના વિચાર કરે કે, આ માલ આને મોકલવો છે, આ રસ્તે, આ વાહનથી મોકલવો છે પણ એ કોઈ કાર્ય તેનાથી થતાં નથી.

શ્રોતા :—તો આ બધું ખોટું છે ?—સ્વપ્નું છે ?

પૂજ્ય ગુરુદેવ:—સ્વપ્નું નથી. વસ્તુનું જવું-આવવું થાય છે પણ તે જીવના વિકલ્પથી થતું નથી. વસ્તુની સ્વયંની યોગ્યતાથી થાય છે. ભાષાની ક્રિયા પણ જડથી થાય છે, જીવ બોલી શકતો નથી. મરતી સમયે માણસને ઘણી ઇચ્છા હોય કે લાખ બે લાખ દાન વાપરવાનું કહેતો જાઉં પણ જીભ જ કામ કરતી ન હોય તો જીવ શું કરી શકે ? ખ્યાલમાં આવે કે, બોલવા માગું છું પણ બોલી શકાતું નથી. જડનું કાર્ય ચેતન કેમ કરી શકે ? જડને ચાલવું હોય તો ચાલે.

આ નાટક સમયસારના કર્તા બનારસીદાસજીને પણ એવું બન્યું હતું કે, મરતાં સમયે વાચા બંધ થઈ ગઈ હતી પણ જીવ જતાં વાર લાગી તો લોકો વાત કરવા લાગ્યાં કે પંડિતજીનો જીવ કયાંય વળગી રહ્યો લાગે છે, જ્યાં સુધી ઘરના બધાં કુટુંબીજનો હાજર નહિ થાય, દૌલતની પેટલી સામે નહિ રાખીએ ત્યાં સુધી મોહ નહિ તૂટે. વાસ્તવમાં કવિવર તો પોતાના ધ્યાનમાં હતાં તેને કયાંય મોહ ન હતો પણ આયુષ્યની દોરી થોડી તોડી શકાય છે ! લોકની મૂર્ખતાને કવિવર સહન ન કરી શક્યા. તેમને લોકોની મૂઢતાનું નિવારણ કરવાની ઇચ્છા થઈ, ઈશારાથી પાટી-પેન માંગ્યા અને બે છંદ લખી આપ્યાં, જે વાંચીને લોકોને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને કવિવરને મહાન ધર્માત્મા સમજી વૈયાવૃત્ત કરવા લાગ્યાં. ( આ વાત શાસ્ત્રમાં આગળ જીવન પરિચયમાં ૨૪ પાને આપેલી છે જે ગુરુદેવે વાંચી સંભળાવી. )

જ્ઞાન કુતક્કા હાથ, મારિ અરિ મોહના,
પ્રગટયો રૂપ સ્વરૂપ, અનંત સુ સોહના,
જા પરજૈકો અંત, સત્ય કર માનના,
ચલે બનારસીદાસ, ફેર નહિ આવના.

હું રાગરૂપી વેરીને જ્ઞાનરૂપી તલવારથી મારીને બેઠો છું. હું તો સતચિદાનંદ

આત્મા છું અને મને અંતરમાં આનંદ પ્રગટયો છે તે મારી શોભા છે. આ દેહની પર્યાયનો હવે અંત આવ્યો છે. બનારસીદાસ (પોતે) જાય છે હવે ફરી અહીં આવવાના નથી.

અહીં પણ એક મુમુક્ષુભાઈનું શરીર એકદમ જીર્ણ થઈ ગયેલું. પથારીમાં પડયાં હતાં પણ જીવ જતાં વાર લાગી તો લોકો કલ્પના કરવા લાગ્યા કે દીકરાનાં મોહમાં જીવ અટકયો લાગે છે. ત્યારે તેણે કહી દીધું : મને કયાંય મોહ નથી, હું મારાં વિચારમાં છું, મને કોઈ સંભળાવશો નહિ...પણ લોકોએ તો તેની રીતે સહજાનંદી સંભળાવ્યું. જીવનમાં તેમણે ખૂબ વાંચન વિચાર કરેલાં અને એ વખતે પણ પોતાના વિચારમાં હતાં અને દેહ છોડી દીધો.

ભાઈ ! વાણી તો જડ છે. વાચા બંધ થવાના કાળે બંધ થાય અને બોલવાના કાળે વાચા બોલે છે, કાંઈ આત્મા બોલતો નથી. જડના પરમાણુ સ્વતંત્રપણે તેના કાળે પરિણમે છે તેમાં જીવ નિમિત્ત છે પણ જીવ બોલતો નથી. વીતરાગનું શાસન જડ-ચેતન પદાર્થની સિદ્ધિ કરીને જડની અવસ્થા જડથી થાય અને જીવની અવસ્થા જીવથી થાય છે તેમ સમજાવે છે. જીવની અવસ્થામાં જડ નથી અને જડની અવસ્થામાં જીવ નથી. આવા ખુલાસા વીતરાગશાસનમાં જ છે.

સ્યાદ્‌વાદનામ લક્ષણ સુહાયો હૈ—અપેક્ષાથી કથન સમજવું જોઈએ. આત્મા બોલે છે, ચાલે છે એ તો નિમિત્તના કથન છે. ખરેખર આત્મા બોલતો કે ચાલતો નથી. આત્મા તો માત્ર જાણે છે અથવા તો વિકલ્પ કરીને ચારગતિમાં ભટકે છે. અરે, મારે આ કહેવું હતું અને રહી ગયું. વાચા બંધ થઈ ગઈ એમ અજ્ઞાનીને થાય છે. જ્ઞાની તો જાણે છે કે, મારે કાંઈ રહી ગયું નથી. મારે કાંઈ કહેવું પણ નથી અને સાંભળવું પણ નથી. હું તો જાણનાર આનંદકંદ આત્મા છું.

**दरसनमोह जाको गयौ है सहजरूप** । જેને અંતરમાં આનંદસ્વરૂપ આત્માનું ભાન થયું છે તેને ભ્રાંતિનો નાશ થયો છે. પહેલાં જે એકાંતદૃષ્ટિ હતી કે હું એક છું અથવા અનેક જ છું, રાગનો કર્તા છું, શરીરની ક્રિયા કરું છું એવી ભ્રાંતિનો નાશ થયો છે, જેને દર્શનમોહનો નાશ થયો છે તેનાં હૃદયમાં સહજભાવથી આ પ્રામાણિક જિનાગમ પ્રવેશ કરે છે. સર્વજ્ઞની વાણીમાં કઈ અપેક્ષાથી કથન છે તે જ્ઞાનીના હૃદયમાં આવી જાય છે. તેને ભ્રાંતિ થતી નથી કે સર્વજ્ઞની વાણીમાં આમ કેમ કહ્યું હશે !

સર્વજ્ઞ પરમાત્માએ જે શાસ્ત્ર કહ્યાં છે તે શાસ્ત્ર જ્ઞાનીના હૃદયમાં પ્રમાણતાને પામે છે, તેમાં ભ્રાંતિ થતી નથી, જેમ છે તેમ ભાવ બેસી જાય છે. વસ્તુદૃષ્ટિએ આત્મા

એક છે, અવસ્થાદૃષ્ટિએ અનેક છે. વસ્તુદૃષ્ટિએ શુદ્ધ છે, અવસ્થાદૃષ્ટિએ અશુદ્ધ છે એમ ભ્રાંતિરહિત શ્રદ્ધા થઈ જાય છે.

**अनैसौं अखंडित** એટલે કુનયથી વસ્તુનું ખંડન થઈ શકતું નથી. કોઈ આત્માને એકાંતે એક માને કે અનેક માને તેનાથી વસ્તુનું ખંડન થતું નથી કે વસ્તુમાં વિરોધ આવતો નથી.

**अनूतन** ભગવાન આત્મા નવો નથી અનાદિનો છે...છે...છે...આત્મા નવો ઉત્પન્ન થતો નથી. આ ભવ પહેલાં બીજો ભવ હતો એ પહેલાં બીજો એમ અનાદિથી ભવ થતાં આવે છે પણ અનાદિનો આત્મા તો એનો એ જ છે. **अनंत तेज**—આત્માનું તેજ અનંત છે. જ્ઞાન અને આનંદનું અનંત તેજ તેમાં રહેલું છે. નિત્ય, અનાદિ અનંત તેજસ્વરૂપ છે. જ્ઞાનનું તેજ એટલે જાણનાર...જાણનાર બધાંને જાણનાર છે. રાગ થાય તેને પણ જાણે અને શરીરની ક્રિયાને પણ જાણે બધાંને જાણે એવું તેજ છે. આત્મા નિત્ય, અનાદિ-અનંત પ્રકાશસ્વરૂપ છે.

જેને શાસ્ત્ર કહે છે તે અનુસાર આત્માનો સ્વભાવ બેસી ગયો છે કે હું તો ત્રિકાળ આનંદમૂર્તિ છું, રાગાદિ છે પણ તે મારાં સ્વરૂપમાં નથી અને કર્મ આદિ પણ છે તે તેના સ્વરૂપમાં છે, મારામાં નથી. આમ જેને અંતરમાં શ્રદ્ધા બેસી ગઈ છે તેનું કુનયથી ખંડન થતું નથી. કેમકે, કુતર્ક વડે ખંડન થાય એવું તત્ત્વ નથી.

**एसो पद पूरन तुरंत तिनि पायो है** એટલે જેને અંતરમાં સચ્ચિદાનંદ-આનંદકંદપ્રભુની દૃષ્ટિ પ્રગટ થઈ છે તેને અલ્પકાળમાં પૂરણ—મોક્ષપદ પ્રાપ્ત થાય છે. અક્ષીણ નામ નાશ ન પામે તેવો મોક્ષ તેને અલ્પકાળમાં થાય છે. આટલું જ એણે કરવાનું છે—અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલી ચીજનો અંતરમાં અનુભવ કરવો અને રાગના અનુભવને દૃષ્ટિમાંથી છોડી દેવો. આવા આત્માના અનુભવ વડે ધર્મ પ્રાપ્ત કરીને પૂર્ણ એવા મોક્ષપદને પ્રાપ્ત થાય છે તેને પછી સંસાર પરિભ્રમણ રહેતું નથી.

આ ચોથા કળશનો પાંચમો શ્લોક થયો. હવે પાંચમા કળશનો છઠ્ઠો શ્લોક આ પ્રમાણે છે.

ज्यौं नर कोउ गिरै गिरिसौं तिहि,
सोइ हितू जो गहै दिढ़बाहीं ।
त्यौं बुधकौं विवहार भलौ,
तबलौं जबलौं शिव प्रापति नाहीं ॥

यद्यपि यौं परवान तथापि,
सधैं परमारथ चेतनमांही ।
जीव अव्यापक है परसौं,
विवहारसौं तौ परकी परछाहीं ॥ ६ ॥

કવિ ઘણાં હોશિયાર છે, અધ્યાત્મકવિ છે ને!

જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે. મોક્ષ થતાં સુધી વ્યવહારની દશા—ઉદયની, યોગના કંપનની—હોય છે એટલી જ વાત છે. વ્યવહાર ભલો છે કે આશ્રય કરવા જેવો છે એમ નથી.

જ્ઞાની ધર્માત્માને પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં ધ્યેય અને આલંબન તો શુદ્ધ વસ્તુનું છે પણ જ્યાં સુધી પૂર્ણ મોક્ષ ન થાય ત્યાં સુધી તેની દશામાં ભેદરૂપ અવસ્થા છે. તે 'છે' એમ જાણવાલાયક છે નથી એમ નથી. शिवप्राप्ति નામ મોક્ષ–આત્માની પૂર્ણદશાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અધૂરીદશા છે તેને જાણવી જોઈએ.

અહો! ચૈતન્યના માલ અનંતકાળથી એને જડ્યાં નથી. બહારની કડાકૂટમાં પડ્યાં છે; તેનો આરો વારો ન આવ્યો એટલે સંસારથી મુક્ત થવાનો વારો ન આવ્યો, રખડવાના વારા રહ્યાં છે.

આત્મા સત્ ચિદાનંદ આનંદસ્વરૂપ છે. તેની દૃષ્ટિ કરવી તેનું નામ ધર્મ છે. જ્યાં સુધી આ ધર્મની પૂર્ણતારૂપ મોક્ષ ન થાય ત્યાં સુધી અધૂરી દશા છે એમ જાણવું તેનું નામ વ્યવહાર છે.

આ જન્મ-જરા-મરણથી મુક્ત થવાના રસ્તાની વાત છે. જેમ પહાડ ઉપરથી પડતો માણસ હોય તેને કોઈ મજબૂતાઈથી હાથ પકડી લે તો તેને એ નિમિત્તરૂપ આલંબન કહેવાય છે અથવા તો સીડી ઉપર ચડતો માણસ પોતાના પુરુષાર્થથી ચડે છે પણ તેમાં કઠોડો (હાથના ટેકારૂપ લાકડું) નિમિત્તરૂપ હોય છે તેમ ધર્મીને પૂર્ણતા ન થાય ત્યાં સુધી તેની દશામાં ભેદરૂપ પર્યાય છે તેને જાણવી તેનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

**यद्यपि यौं परवान**—ભેદરૂપ પર્યાયને જાણવાનો આવો વ્યવહાર છે તોપણ પરમાર્થનું સાધન તો અભેદ આત્માની દૃષ્ટિ અને તેમાં એકાગ્રતા જ છે. વ્યવહાર એ કોઈ સાધન નથી. પણ...આ રખડવાના રસ્તા આડે તેને આ નક્કી કરવાનો સમય જ

ક્યાં છે! પાંચ-પચીશ લાખની પેદાશ થતી હોય તો તો એમાં જ મશગૂલ હોય. સવારથી સાંજ સુધી દુકાનનો થડો સાચવીને બેઠો રહે અને તેનાથી જ મને પેદાશ થાય છે એમ માને છે તે મૂરખ છે. ખાતાં-ખાતાં પણ તેના હાથમાં ટેલીફોન હોય!

એકવાર અમે પાલેજથી મુંબઈ માલ લેવા ગયા હતાં, ત્યાં આડતીયાના ઘરે બધાં સાથે જમવા બેઠા અને ફોન આવ્યો, તો ખાતાં-ખાતાં ઉઠીને ફોન લીધો. તેને કીધું, ભાઈ! જે ખાવા માટે રળો છો તેમાં પણ શાંતિ નથી? સુખેથી જમી પણ શકતાં નથી, સુખેથી ખાવ તો ખરાં! મરણના ટેલીફોન આવશે ત્યારે તમારું શું થશે?

તારે સુખ અને આનંદ જોઈએ છે ને! અખંડ આનંદ તો તારા આત્મામાં છે. એ આનંદની પ્રતીત અને અનુભવ થતાં જન્મ-મરણના અભાવના ભણકારા આવી છે. ભલે તે વખતે ગૃહસ્થાશ્રમમાં હો પણ એ ભણકાર વધતાં વધતાં પૂર્ણ નિર્મળદશા—મોક્ષ ન થાય ત્યાં સુધી અપૂર્ણદશા છે તેને જાણવી તેનું નામ વ્યવહાર છે. પણ એ વ્યવહારમાં પરમાર્થ સધાતો નથી. **सधै परमारथ चेतनमांही।** જ્ઞાનનો પૂંજ જે ચેતનસ્વભાવ તેનો આશ્રય લઈને આત્માની શાંતિનું સાધનપણું થાય છે. બાકી કોઈ શાંતિનું સાધન નથી.

વ્યવહાર હોય છે તે અમને પ્રમાણ છે પણ તેનાથી પરમાર્થ સાધી શકાતો નથી. અધૂરી અવસ્થા અને રાગરૂપ પર્યાય વ્યવહાર છે તેનાથી પરમાર્થ સધાતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વામી છે તેમાં દૃષ્ટિ આપતાં પરમાર્થમાર્ગ સાધી શકાય છે.

ભાવાર્થમાં કહ્યું છે કે જોકે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહાર હોય છે પરંતુ ઉપાદેય તો નિશ્ચયનય જ છે. કારણ કે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થમાં પ્રયોજનભૂત નથી.

આત્માની ખાણમાં અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત આનંદ-શાંતિ આદિ ભર્યું છે એવા સ્વભાવના અંતર સાધન વડે આત્માનો પરમાર્થધર્મ સાધી શકાય છે. વ્યવહાર ભલે હો—તેની ના નથી. પણ એ વ્યવહારના આશ્રયે પરમાર્થધર્મ સાધી શકાતો નથી, **सधै परमारथ चेतनमांही।** ચૈતન્યના આશ્રયે ચૈતન્યની સાધના થાય છે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે તે જાણવાલાયક છે પણ નિશ્ચય સાધન તો અંતર આત્મામાં જવું તે જ છે. અંતરઆત્મામાં એકાગ્ર થવું તે સાધન છે.

**जीव अव्यापक है परसौं।** ખરેખર તો વ્યવહારથી આત્મા વ્યાપક જ નથી (રાગમાં આત્મા વ્યાપતો નથી). વ્યવહારનય પરાશ્રિત છે અને નિશ્ચયનય સ્વાશ્રિત

છે. નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરાશ્રિત કરે છે. માટે વ્યવહારનું સાધન એ કોઈ મુક્તિનું કારણ નથી. સચ્ચિદાનંદપ્રભુનો આશ્રય કરવો એ મુક્તિનું કારણ છે.

અહીં તો આત્મા વ્યવહારથી અવ્યાપક છે એમ સિદ્ધ કરે છે. ખરેખર ધર્મીનો આત્મા પરથી વ્યાપક છે જ નહિ. આ વાત અજ્ઞાનીને ઝીણી પડે છે પણ જેમ સંસારમાં તો ઝીણું એવું ચક્રવર્તીવ્યાજ પણ કાઢે છે ને! તો આત્મામાં રાગ કેવી રીતે છે, કેમ ટળે તેના પ્રયત્નમાં કેમ ચડતો નથી? રાગમાં આત્મા વ્યાપતો નથી એટલે શું?—કે રાગ આત્માના સ્વભાવથી ભિન્ન છે. દયા, દાન, ભક્તિનો રાગાદિ વ્યવહાર ભલે હો પણ આત્મા તેનાથી ભિન્ન છે—અવ્યાપક છે. માટે શુદ્ધ ચૈતન્યવસ્તુની દૃષ્ટિ થતાં ધર્મીજીવના આત્મામાં રાગ આવતો નથી—રાગ પ્રસરતો નથી અને રાગમાં આત્મા પ્રસરતો નથી.

**विवहारसौं तौ परकी परछाहीं ।**—ભેદ અને વિકલ્પ એ તો પરની પરછાંહી છે—સ્વની પર્યાય કે સ્વની છાયા નથી. પદ્યમાં પણ કવિએ કેટલું ગોઠવ્યું છે! પોતે ગૃહસ્થાશ્રમમાં—સ્ત્રી પુત્રાદિ પરિવારમાં હતાં છતાં કહે છે તેમાં અમે નથી. ભગવાનની ભક્તિ આદિનો વિકલ્પ ઊઠે છે પણ તેમાં અમે નથી. અમે તેમાં વ્યાપક નથી એટલે અમે એ વ્યવહારમાં ફેલાયેલાં નથી.

આ શરીર તો જડ-માટી-ધૂળ છે. માટીમાંથી થયું છે અને માટીમાં ભળી જશે. આઠ પ્રકારના કર્મ એ પણ જડ માટી છે. અને પુણ્ય-પાપના વિકલ્પ થાય છે એ વિકાર છે. એ છે એમ જાણવું બરાબર છે પણ ધર્મી તેમાં વ્યાપતા નથી. રાગના ભાવથી પણ ધર્મી વિરકત રહે છે. ધર્મી તો માત્ર પોતાની વીતરાગી પર્યાયમાં વ્યાપે છે, તેમાં અભેદ થાય છે, રાગમાં અભેદ થતાં નથી.

'પરાશ્રિત તે વ્યવહાર, સ્વાશ્રિત તે નિશ્ચય'. સ્વાશ્રિત નિશ્ચયને પ્રાપ્ત એવા મુનિને પણ પરાશ્રિત એવો રાગ હોય છે, તે રાગ છે એટલું જાણવાયોગ્ય છે પણ તેનાથી આગળ વધીને એ રાગભાવ લાભદાયક છે કે તેના આશ્રયથી ધર્મ વધે છે એમ નથી.

જેવી રુચિ પરમાં છે તેવી રુચિ જો સ્વમાં કરે તો તેને સ્વરૂપમાં જતાં વાર ન લાગે. તુલસીદાસજીએ લખ્યું છે ને!

"જૈસી પ્રીતિ હરામસે, તૈસી હરિસે હોય,
ચલા જાય વૈકુંઠમેં, પલા ન પકડે કોઈ."

[ અનુસંધાન માટે જુઓ પાનું-૧૭ ]

# * છ આવશ્યક આદિનું વર્ણન *

[ શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમમાંથી ]

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા ૨૦૧માં છ આવશ્યકોનું વર્ણન ચાલે છે તેમાંથી સમતા, સ્તવન અને વંદન આ ત્રણ આવશ્યકની વાત થઈ ગઈ છે. હવે ચોથું પ્રતિક્રમણ આવશ્યક છે.

૪. પ્રતિક્રમણ:—પોતે કરેલા દોષોનો પશ્ચાત્તાપ કરવો અર્થાત્ જ્યારે પોતાનાથી કોઈ દોષ કે ભૂલ થઈ જાય ત્યારે તે પોતાના ગુરુ સમક્ષ પ્રગટ કરી તે ભૂલ માની લેવી તે જ પ્રતિક્રમણ છે.

અભૂલના રસ્તે જવું છે ને! નિર્દોષ માર્ગે જવું છે તેમાં કોઈ ભૂલ થઈ હોય તો કબૂલ કરતાં એ ભૂલનો નાશ થાય છે. આ પ્રતિક્રમણનો વિકલ્પ તે વ્યવહારપ્રતિક્રમણ છે અને રાગાદિથી ખસીને સ્વરૂપમાં રમવું તે નિશ્ચયપ્રતિક્રમણ છે.

૫. પ્રત્યાખ્યાન:—જે રત્નત્રયમાં વિઘ્ન કરનારા છે તેને મન, વચન અને કાયાથી રોકવા અને તેનો ત્યાગ કરવો તેને જ પ્રત્યાખ્યાન કહે છે. વર્તમાનમાં એવી સ્થિરતા પ્રગટ કરવી કે, ભવિષ્યમાં શુભ-અશુભભાવ ઉત્પન્ન જ ન થાય તેને નિશ્ચય પ્રત્યાખ્યાન કહે છે.

આ કોઈ બહારની રૂઢિગતની વાત નથી. આ તો સાચી નિશ્ચય વસ્તુ છે. વર્તમાન જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા અંતરમાં એકાકાર થતાં જે આનંદ આદિનું વેદન થાય છે તેને ખરેખર પ્રત્યાખ્યાન અથવા રાગનો ત્યાગ કહેવામાં આવે છે. આ પ્રત્યાખ્યાનના અખંડિત આદિ દશ ભેદ છે.

૬. વ્યુત્સર્ગ:—શરીરનું મમત્વ છોડીને વિશેષ પ્રકારના આસનપૂર્વક ધ્યાન કરવું એ વ્યુત્સર્ગ નામનું છઠ્ઠું આવશ્યક છે. શુદ્ધપરમાત્મસ્વરૂપમાં દૃષ્ટિ લગાવીને તેમાં સ્થિર થઈ જવું તે કાયોત્સર્ગ છે. તેમાં રાગ અને શરીરને છોડયું કહેવાય છે.

ભાવાર્થ:—આ રીતે છ આવશ્યકોનું વર્ણન કર્યું કે જેનું પાલન મુનિઓ અને શ્રાવકોએ પ્રતિદિન કરવું જોઈએ. માટે જ તો તેનું નામ 'આવશ્યક' છે. સામાયિક, પ્રતિક્રમણ આદિનો પ્રયોગ—અજમાયશ અથવા અંતર ધ્યાન દિન–દિન પ્રત્યે દરેકે કરવો જોઈએ.

આ માત્ર વિકલ્પ કરવાની વાત નથી. આ તો આત્મા તદ્દન રાગ વિનાનો નિષ્ક્રિય શુદ્ધ પરમાત્મા છે. સમરસની મૂર્તિ છે. તેમાં આ લઉં ને આ મૂકું કે આ છોડયું એવા વિકલ્પનો અવકાશ નથી એવી એ ચીજ છે તેમાં એકાકાર થઈને આ છ આવશ્યક કરવા, એમ કહેવામાં આવે છે. પછી અંતરમાં ઠરી ન શકાય ત્યારે વિકલ્પ આદિ હોય છે તે વ્યવહાર છે. પણ ખરેખર તો **नियमेण जं कज्जं** । નિયમથી કરવા યોગ્ય હોય તો અંતરમાં એકાગ્ર થવું તે આવશ્યક છે. જેનાથી શુદ્ધિ વધે, પવિત્રતા વધે અને પૂર્ણ નિર્મળ પર્યાયની સન્મુખતા થાય એવા નિશ્ચય રત્નત્રય તે જ ખરેખર આવશ્યક છે.

વનવાસી દિગંબર સંતો કે જેણે રાગ ઉપર ત્રાડ નાંખીને વીતરાગતા પ્રગટ કરી છે, જેના અસંખ્ય પ્રદેશે ઉપશમરસના ઝરણાં ઝરે છે—જેમ ડુંગરમાંથી પાણી ઝરે તેમ ભગવાન આત્મામાંથી ઉપશમરસનું ઝરણું વહે છે એવા મુનિરાજે આવશ્યકોનું સર્વદેશ પાલન કરવું જોઈએ અને શ્રાવકે એકદેશ પાલન કરવું જોઈએ.

આ તો જેને આત્માના ઘરની ગરજ પડી હોય તેને માટે વાત છે.

હવે ત્રણગુપ્તિનું વર્ણન કરતાં મુનિરાજ કહે છે કે શરીરને વશ કરવું, વચનને વશ કરવા અને મનને વશ કરવું તે ત્રણગુપ્તિ છે. શરીરને વશ કરવું એટલે તે તરફનો વિકલ્પ અથવા રાગ ન કરવો તે.

કેટલાક લોકોને એમ પ્રશ્ન થાય છે કે જુઓ ! શરીરને વશમાં કરવાનું કહ્યું ને ! આત્મા શરીરના કામ કરી શકે છે, શરીરથી આત્માને લાભ-નુકશાન થાય છે માટે કહ્યું ને ! અરે ભાઈ ! શરીરના રાગથી રહિત થઈને આત્મામાં સ્થિર થવું તે આત્માની ક્રિયા છે તેનાથી આત્માને લાભ છે. શરીરની ક્રિયા તો તેમાં નિમિત્ત છે. કાંઈ તેનાથી જીવને લાભ નુકશાન નથી. જડની ક્રિયાથી આત્માને શુભ, અશુભ કે શુદ્ધભાવ નથી.

સચેત શરીર હોય તો ભગવાનના સમવસરણમાં જઈ શકાય ને ? એવા પ્રશ્ન કરે છે. તેને કહે છે કે ભાઈ ! શરીરને આત્માના નિમિત્તથી સચેત કહેવાય છે. ખરેખર શરીર તો અચેત છે. માટે તો ટોડરમલજીએ મોક્ષમાર્ગ-પ્રકાશકમાં જીવ-અજીવની ભૂલમાં કહ્યું છે કે, અજીવનો અંશ પણ જીવમાં ન ભેળવવો અને જીવનો અંશ પણ અજીવમાં ન ભેળવવો. શરીર તો જડ છે અને આત્મા ચેતન છે. તે રાગદ્વેષ કરે અથવા વીતરાગતા કરે તે સિવાય જડના કોઈ કાર્ય જીવ ન કરે અને જીવના કાર્ય જડ ન કરે. શરીર અને આત્મા સાથે રહેલાં હોવા છતાં સમયે સમયે બંનેની ક્રિયા ભિન્ન-ભિન્ન થઈ રહી છે.

અનુભવ પ્રકાશમાં ઘણી ક્રિયા બતાવીને કહ્યું છે કે નાચવું, ખાવું, બોલવું, ચાલવું, જવું-આવવું આ બધા શરીરના ખેલ છે, દેવ મનુષ્ય આદિ ગતિના વૈભવ, ભોગ ઉપભોગ, વિષય આદિ પુદ્ગલના નાટક છે, દ્રવ્યકર્મ અને નોકર્મ એ પુદ્ગલનો અખાડો છે, તેમાં તું ચિદાનંદરાજા રંજન પામ—તેને પોતાનો ખેલ માનીને ખુશી થા એ તો ગજબ કહેવાય!

આ રીતે શરીરને વશ ન થવું તે કાયગુપ્તિ, વચનમાં રાગ ન થવા દેવો તે વચનગુપ્તિ અને મનને વશ કરવું એટલે મનમાં સંકલ્પ-વિકલ્પ ન થવા દેવા તે મનગુપ્તિ કહેવાય છે.

ભાવાર્થ:—ગુપ્તિ એટલે ગોપવવું અથવા છુપાવવું. જેમ કે મનની ક્રિયા રોકવી એટલે મનની ચંચળતા રોકી એકાગ્રતા કરી લેવી તે મનગુપ્તિ છે. આ નિશ્ચય મનોગુપ્તિ છે અને અશુભથી છૂટીને શુભમાં આવવું તે વ્યવહારગુપ્તિ છે. શરીરની ક્રિયા રોકવી અર્થાત્ તે તરફનો રાગ ઘટાડવો તે કાયગુપ્તિ છે. શબ્દો તો 'શરીરની ક્રિયા રોકવી' એમ છે પણ તેનો અર્થ સમજવો જોઈએ કે તે તરફનો રાગ ઘટાડવો.

શ્રોતા :—પણ સીધા શબ્દો લખેલા છે ને!

પૂજ્ય ગુરુદેવ :—શબ્દોમાં તો 'ઘીના ઘડા' લખ્યા હોય પણ ક્યાંય ઘીના ઘડા થાય છે? ઘીના ઘડાનો અર્થ સમજવો જોઈએ ને! તેમ આમાં પણ અર્થ સમજવો જોઈએ.

ત્રણ ગુપ્તિઓમાં મનોગુપ્તિનું પાલન જ ઘણું કઠીન છે. જે મુનિને મનોગુપ્તિ હોય છે તેમને નિયમથી અવધિજ્ઞાન હોય છે. જ્યારે ત્રણે ગુપ્તિ થઈ જાય છે ત્યારે આત્મધ્યાન હોય છે. આત્માના ધ્યાન વગરની માત્ર ક્રિયા એ તો વર વગરની જાન જેવી છે. ૫૦૦ માણસને શણગારેલાં ગાડી-ઘોડાં લઈને જાન જોડી પણ વર ક્યાં? એને તો ભૂલી ગયા તો તેને જાન નહિ કહેવાય. તેમ અહીં અકષાય શાંતરસના કંદ ભગવાન આત્માની દૃષ્ટિપૂર્વક ધ્યાન તે ખરેખર ગુપ્તિ છે તેના વગરની ક્રિયાને ગુપ્તિ ન કહેવાય.

હવે પાંચ સમિતિનું વર્ણન આવે છે.

૧. ઈર્યાસમિતિ:—બે ઘડી સૂર્ય ઊગ્યા પછી, પ્રાસુક રસ્તામાં યત્નાચારપૂર્વક, ચાર હાથ પ્રમાણ જમીન જોઈ સંભાળીને આવવું-જવું તે ઈર્યાસમિતિ છે. આવા વિકલ્પની પાછળ જેટલી સ્વભાવમાં સ્થિરતા અને વીતરાગતા છે તે સમિતિ અથવા સંવર છે. તત્ત્વાર્થસૂત્રમાં પાંચ સમિતિને સંવર તત્ત્વમાં લીધી છે.

ખરેખર તો સ્વરૂપમાં સ્થિરતા છે એ જ બધાં વ્રત છે પણ તેની સાથે વિકલ્પોના આવા ભેદ હોય છે એમ ભેદથી તેનું વર્ણન કર્યું છે. શું થાય? વસ્તુ જ એવી છે ને! તેની વચનથી વાત કરતાં ભેદ પડી જાય છે પણ ભેદથી અમારે સમજાવવો છે અભેદને; ચિદાનંદ સ્વભાવ ઉપર વજન દેવું છે.

૨. ભાષા સમિતિઃ—હિતકારી અને થોડાં એવા વચન બોલવાં કે જે સાંભળતાં કોઈપણ પ્રાણીને દુઃખ ન થાય એટલે કે બોલવામાં રાગની તીવ્રતા ન થવા દેવી તે મંદરાગની ભાષા સમિતિ છે અને બિલકુલ ન બોલવું અને જ્ઞાતા-દૃષ્ટામાં સ્થિર રહેવું તે નિશ્ચય ભાષાસમિતિ છે. આત્માને હિતકારી એવો રાગરહિત ભાવ રાખવો તે ભાષા સમિતિ છે.

રાગને સમેટીને અંદરમાં સ્થિર થવું તે સમિતિ છે બાકી તો બધો વ્યવહાર છે.

૩. એષણાસમિતિઃ—છેંતાળીસ દોષ અને બત્રીસ અંતરાય ટાળીને ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર આચારસહિત વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક આહાર એકવાર લેવો તે એષણાસમિતિ છે. આ મુનિની વાત છે પણ શ્રાવકે પણ અમુક પ્રમાણમાં તેનું પાલન કરવું.

જુઓ 'એકવાર આહાર લેવો' એમ કહ્યું છે તો શું જીવ આહાર લઈ શકે છે?...પણ નિમિત્તના કથનો એમ જ આવે ને! મુનિને એકવાર આહાર હોય અને તે પણ નિર્દોષ આહાર હોય તે જણાવવા આવા કથન કર્યાં છે. મુનિને તેમના માટે બનાવેલો ઉદ્દેશિક આહાર ખપે નહિ.

૪. આદાન-નિક્ષેપણસમિતિઃ—યત્નાચારપૂર્વક જોઈ સંભાળીને પુસ્તક, પીંછી, કમંડળ વગેરે લેવું-મૂકવું તે શુભભાવરૂપ સમિતિ છે અને રાગથી આત્માની રક્ષા કરવી, યત્નપૂર્વક આત્માને રાગથી ભિન્ન પાડીને શુદ્ધતા પ્રગટ કરવી તે આ સમિતિ સંવર છે.

મૂળ નિશ્ચયની વાત બહુ થોડી આવે, વ્યવહારની વાત જ વધારે હોય. કેમકે વ્યવહાર ભેદ પાડીને સમજાવે છે. વ્યવહાર નિશ્ચયને જણાવવા પૂરતો છે પણ ખરેખર વ્યવહાર અનુસરવા લાયક નથી. સમયસારની આઠમી ગાથામાં કહ્યું છે કે ભેદરૂપ વ્યવહારથી અભેદ સમજાવાય છે માટે અભેદને ગ્રહણ કરવો. ભેદ તો કહેનાર કે સાંભળનાર કોઈને અંગીકાર કરવા લાયક નથી.

અરે! એને પોતાના સ્વરૂપનું માહાત્મ્ય આવતું નથી. એને ખબર નથી કે,

સ્વરૂપ તરફ જવું એ જ મારી વસ્તુ છે. બહારના વિકલ્પ રહે એ તો પુણ્યબંધનું કારણ છે. અંતરના આશ્રયે—ભગવાન આત્માના આશ્રયે અંતરમાં જવું તે જ શુદ્ધિ અને ધર્મ છે. આ સિદ્ધાંત અંતરમાં ન બેસે અને બીજી વાતો બેસાડે એમાં તેનું હિત નથી. એવું તો અનાદિથી બેસાડતો આવ્યો છે.

એક જ સિદ્ધાંત નક્કી કરી લે કે, 'સ્વભાવના શરણે જતાં જ લાભ છે.' ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને રહેવું તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર બધું આવી જાય છે. આ એક જ વાત છે બાકી બધો તેનો વિસ્તાર છે. જેટલું પરલક્ષ છે તે બધું રાગ અને બંધનું કારણ છે.

૫. પ્રતિષ્ઠાપનસમિતિઃ—જોઈ સંભાળીને નિર્જીવ સ્થાનમાં કફ, મળ, મૂત્ર વગેરેનો ત્યાગ કરવો, લીલોતરી ઉપર અથવા ભીની જમીન ઉપર મળત્યાગ ન કરવો. આ બધું યત્નથી કરવું જોઈએ. આ પ્રકારે પાલન તો મુનિમહારાજ જ કરે છે તો પણ જેટલું બની શકે તેટલું શ્રાવકે પણ પાલન કરવું જોઈએ.

હવે દશધર્મના વર્ણનની ગાથા ૨૦૪ શરૂ થાય છે.

धर्मः सेव्यः क्षान्तिर्मृदुत्वमृजुता च शौचमय सत्यम् ।
आकिंचन्यं ब्रह्म त्यागश्च तपश्च संयमश्चेति ॥ २०४ ॥

૧. ક્રોધનો ત્યાગ કરી ક્ષમા ધારણ કરવી તે ઉત્તમ ક્ષમારૂપ પહેલો ધર્મ છે. ઉત્તમ ક્ષમા નામ જ્ઞાતામાં સહનશીલપણે ધ્યાનમાં રહેવું અર્થાત્ કોઈપણ પ્રતિકૂળતા વખતે ક્રોધ ન કરતાં જ્ઞાતાભાવે શાંતિમાં રહેવું તેનું નામ ઉત્તમ ક્ષમા ધર્મ છે. શાંતિ એટલે આત્માના લક્ષે શાંતિ રાખવી તે ક્ષમા છે. બહારથી સમાધાન કરીને શાંતિ રાખવી તે ઉત્તમ ક્ષમા નથી.

આ ધર્મોમાં પણ બે ભાગ પાડશે કે, મુનિએ સર્વદેશ ધર્મો પાળવા અને શ્રાવકે એકદેશ પાળવા. લૌકિકમાં પણ જેનાં ધંધામાં પૈદાશ બહુ હોય તેમાં બધાં ભાગ લેવા જાય છે કે અમે પણ લાખ બે લાખ રૂપિયા આપશું પણ અમારો ભાગ રાખો. તેમ આ તો વીતરાગભાવનો લાભ છે તેમાં કોણ લાભ લેવા ન જાય? મુનિ તો લાભ લે જ છે પણ શ્રાવકે પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં આત્માની દૃષ્ટિપૂર્વક આ જાતના ક્ષમા આદિ ભાવ રાખવા જોઈએ.

૨. માન કષાયનો ત્યાગ કરીને કોમળતા ધારણ કરવી તે ઉત્તમ માર્દવ નામનો બીજો ધર્મ છે. સમ્યક્ભાન સહિત કોમળતાના પરિણામ તે માર્દવધર્મ છે. કેટલાકનો પ્રકૃતિસ્વભાવ જ એવો કોમળ દેખાય—શાંત જેવો દેખાય—મૌન દેખાય તેની વાત

નથી. અહીં તો ચૈતન્યના ભાનપૂર્વક માર્દવતા—નિર્માનતા કોમળતા અર્થાત્ નર્માશ રાખવી તે બીજો માર્દવધર્મ છે.

૩. આર્જવધર્મ:—માયાચારનો ત્યાગ કરીને સરળતા ધારણ કરવી તે આર્જવ નામનો ત્રીજો ધર્મ છે. કપટ, કુટિલતા છોડવી અને નિ:શલ્યવૃત્તિ ધારણ કરવી તે આર્જવધર્મ છે.

૪. લોભનો ત્યાગ કરી સંતોષ ધારણ કરવો તે શૌચ નામનો ચોથો ધર્મ છે. શૌચનો અર્થ શુદ્ધિ થાય છે. શુદ્ધિ બે પ્રકારની છે. ૧. અંતરંગ ૨. બાહ્યશુદ્ધિ.

લોભકષાયનો ત્યાગ કરવો તે અંતરંગશુદ્ધિ છે અને સ્નાન વગેરેથી શરીરને પવિત્ર રાખવું તે બાહ્યશુદ્ધિ છે. ખાસ તો સ્વાધ્યાય આદિમાં અશુદ્ધિ ન થાય તે માટે નિમિત્તની અશુચિનો ત્યાગ કર્યો છે, બાકી, કોઈ દેહ છૂટવાનો કાળ હોય કે રોગાદિ પ્રસંગે અનેક પ્રકારના માણસો ભેગા થયાં હોય અને શરીરની કેવી કેવી સ્થિતિ થતી હોય, મળ-મૂત્રાદિ શરીરમાં રહી શકતાં ન હોય, બંધકોષ છૂટી ગયા હોય એવી શરીરની ગમે તે સ્થિતિ હો તે વખતે પોતે સમતા રાખીને અંતરમાં શાંતિ લેવા શાંતિના સાગરમાં જવું તે ધર્મીનો ધર્મ છે. શરીરની અવસ્થા તો પરમાણુની તે વખતની યોગ્યતા અનુસાર થાય છે તેમાં કાંઈ આત્માનો અધિકાર નથી અને તે અવસ્થા આત્માને નડતી પણ નથી. અનેક પ્રકારના શાતાના અને અશાતાના ઉદય તો આવે પણ તેની દરકાર ન કરવી અને આત્માની દરકાર કરવી તે આત્માનો ઉત્તમ ધર્મ છે.

અહીં એક વાત સમજવી કે, મુનિમહારાજને તો અંતરંગ શુદ્ધિની જ મુખ્યતા છે. શ્રાવકને માટે અંતરંગ અને બાહ્ય બંને શુદ્ધિની વાત છે.

૫. સત્યધર્મ:—બીજાને દુ:ખ ઉત્પન્ન કરનાર, નિંદનીય કપટી વચનો ન બોલવાં તેને સત્ય કહે છે.

૬. સંયમધર્મ:—પાંચ ઇન્દ્રિયના વિષયોને તથા મનના વિષયને રોકવા અને છ કાય જીવની હિંસા ન કરવી તેને જ સંયમધર્મ કહે છે. વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિઓનું પાલન કરવાથી, કષાયોનો નિગ્રહ કરવાથી અને મન-વચન-કાયાને વશ રાખવાથી આ સંયમનું પાલન થાય છે. બહુ સારી વાત કરી છે.

૭. જેવી રીતે સોનાનો મેલ દૂર કરવા માટે અગ્નિનો તાપ દેવામાં આવે છે તેવી જ રીતે આત્મા સાથે લાગેલાં કર્મો દૂર કરવાને માટે સર્વજ્ઞ વીતરાગ કથિત તપ કરવામાં આવે છે તે ઉત્તમ તપધર્મ છે. વીતરાગે કહ્યું તે પ્રમાણે અંતરમાં સ્થિરતા કરવામાં આવે છે તે ઉત્તમ તપ છે અને બાર પ્રકારના તપનું વર્ણન આવે છે તે

નિમિત્તથી કથન છે. આ પ્રકારના તપના વિકલ્પો છૂટીને અંતરમાં સ્થિરતા થાય છે તેથી વિકલ્પો ને 'તપ'નો આરોપ આપવામાં આવે છે.

પરમાર્થે તો અશુદ્ધતાને નાશ કરવી એ પણ આત્માનું કાર્ય નથી. સ્વરૂપમાં એકાગ્ર થતાં અશુદ્ધતાનો નાશ થઈ જાય છે અને કર્મોની નિર્જરા પણ સ્વયમેવ થઈ જાય છે પણ સમજાવવું શી રીતે! કથનમાં બધાં પડખા દ્વારા ભેદ પાડીને વ્યવહારથી સમજાવે છે.

૮. ત્યાગધર્મ:—લોકમાં આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન આપવું તેને ત્યાગધર્મ કહે છે પરંતુ એ ત્યાગ પણ સાચો ત્યાગ નથી. ખરેખર તો અકષાયભાવમાં રહેવું અને કષાયનો ત્યાગ કરવો તે ત્યાગધર્મ છે. આવો ઉત્તમ ત્યાગધર્મ મુનિરાજને હોય છે. મુનિરાજ તો કાંઈ દાન કરતા નથી તોપણ વાસ્તવમાં કષાયોનો ત્યાગ કરનાર તેઓ જ સાચાં દાની છે.

ભગવાન આત્મા શુદ્ધસ્વભાવના આનંદથી ભરેલો પદાર્થ છે તેમાં એકાગ્ર થઈને આનંદ પ્રગટ કરવો અને તેને પોતામાં રાખવો તે જ પોતે પોતાને દીધેલું ખરું દાન છે. મુનિરાજ પોતે જ પોતાને આપે છે.

જે વખતે જે જીવને લોભકષાયનો ત્યાગ થઈ ગયો તે વખતે તેને બાહ્યપદાર્થનો તો ત્યાગ થઈ જ ગયો. કેમકે, લોભકષાય છોડયા વિના બાહ્ય વસ્તુનો ત્યાગ થતો નથી. તેથી એમ સિદ્ધ થયું કે તત્ત્વજ્ઞાનના બળ વડે એટલે આત્મા રાગરહિત જ્ઞાનસ્વરૂપ છે એવા નિર્વિકલ્પ જ્ઞાનના બળ વડે રાગનો અભાવ કરવો તે જ સાચો ત્યાગ અને તે જ સાચું દાન છે.

૯. મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો તે આકિંચન્યધર્મ છે. ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દશ પ્રકારના બાહ્ય પરિગ્રહ આ બંને પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરી દેવો તે ઉત્તમ આકિંચન્યધર્મ છે.

૧૦. ઉત્તમ બ્રહ્મચર્યધર્મ:—સંસારના સર્વ પદાર્થો પ્રત્યેથી મનની વૃત્તિ ખસેડીને કેવળ એક બ્રહ્મસ્વરૂપ આત્મામાં રમણતા કરવી તે ઉત્તમ બ્રહ્મચર્યધર્મ છે.

કાયાથી અને મનથી બ્રહ્મચર્ય પાળવું તે શુભભાવરૂપ બ્રહ્મચર્ય છે અને ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદમાં રમે—ચરે તે ખરું બ્રહ્મચર્ય છે.

આ બ્રહ્મચર્યનું પણ મુનિને સર્વદેશ અને શ્રાવકને એકદેશ પાલન હોય છે. જ્યારે આત્મા પાંચેય ઇન્દ્રિયોને રોકવા સમર્થ હોય અને ખાસ કરીને સ્પર્શેન્દ્રિયના વિષયને જીતવા માટે સમર્થ થઈ જાય અને સંસારની સ્ત્રીમાત્રને મન-વચન-કાયાથી

ત્યાગી દે ત્યારે તે મુનિ સર્વદેશ બ્રહ્મચર્યના ધારી થઈ શકે અને શ્રાવક પોતાની સ્ત્રીમાં સંતોષ રાખીને બાકીની સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા, બેન કે પુત્રી સમાન જાણે છે માટે તે શ્રાવકને એકદેશ બ્રહ્મચર્યના ધારી કહેવાય છે.

ભાવાર્થ:—આ રીતે આ દશધર્મોનું વર્ણન કર્યું. તે ધર્મનું પાલન કરવું એ પ્રત્યેક પ્રાણીનું કર્તવ્ય છે, કારણ કે આ જ દશધર્મ મોક્ષમાર્ગનું સાધન કરવા માટે મુખ્ય કારણ છે.

—※—

[ જિનાગમ સ્યાદ્‌વાદ લક્ષણથી શોભે છે...પેજ ૯થી ચાલુ ]

પરમાં તો એને રુચિનો પાર નથી. એક લાખ રૂપિયા મળે ત્યાં તો લાપસીના આંધણ મુકાવે ! ભાઈ ! એ લાખ તો રાખ છે. એને તો એમ થાય કે ઓહો આજ તો કાંઈ ફાવ્યાં છીએ ! ફોન આવ્યો છે !...ભાઈ ! તને તારો ટોન ન આવડયો અને આ ઊંધો ટોન આવડયો ! તારો સ્વભાવ શું છે તેનો ટોન તો તને સૂઝતો નથી. આ પરના ટોન તને સૂઝે છે એ બધાં રખડવાના રસ્તા છે. એક દિવસમા બે લાખની કમાણી થાય તોપણ શું ? તેમાંથી એક પાઈ પણ સાથે આવવાની છે ? સાથે તો કાંઈ નહિ આવે પણ તેના પ્રેમથી તું દુર્ગતિમાં ચાલ્યો જઈશ એ વાત નક્કી છે.

જેણે પોતાની જાતને જાણી નહિ...હું કોણ છું તેની કિંમત કરી નહિ અને રાગની તથા પરની કિંમત ટળી નહિ તે ચોરાશીના અવતારમાં રખડવા ચાલ્યો જાય છે. જેને સ્વની કિંમત થાય તેને રાગની કિંમત રહેતી નથી તે સ્વદેશમાં ચાલ્યો જાય છે.

[ ક્રમશઃ ]

—※—

* નાઈરોબી ( કેન્યા )માં પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતીમાં ૧૯૮૦માં નૂતન જિનમંદિરની પંચકલ્યાણક-પ્રતિષ્ઠા થઈ હતી તે પ્રસંગની તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની વિડિયો કેસેટ નંગ–૧૪ શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદભાઈ શાહ નાઈરોબી તરફથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢને ભેટ આપવામાં આવેલ છે.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકની બીજી પ્રતિમાનું વર્ણન ચાલે છે. વિકાર રહિત જ્ઞાયકસ્વભાવના યથાર્થ નિર્વિકલ્પ અનુભવ વડે નિ:શંક થવું તે સમ્યગ્દર્શન છે. પુણ્યની રુચિ પરમાં કર્તા–ભોક્તાપણાની બુદ્ધિ છૂટી, સ્વસન્મુખ શાંતિવાન થયો છે. પછી જ્ઞાતા દૃષ્ટિમાં લીનતા વડે જેને શુદ્ધિની અંશે વૃદ્ધિ થઈ તે દેશવિરતિ શ્રાવક છે. વાડાના નામધારી શ્રાવકની વાત નથી. શ્રાવિકા હોય તોપણ જાણે છે કે હું શરીરરૂપે નથી, ક્ષણિક પુણ્ય-પાપ તે હું નથી, પુણ્યથી ધર્મ નથી, દેહાદિની ક્રિયા હું કરી શકું નહીં જ્ઞાતા જ છું. એવું પ્રથમથી જ ભાન હોય છે ને ઘણીવાર દેહ, મન, ઇંદ્રિયાદિ પર તરફનું લક્ષ ભૂલી નિર્વિકલ્પ જ્ઞાનાનંદનો અનુભવ પણ કરે છે. એકલું જાણપણું નથી પણ સમ્યગ્દર્શન સહિત અંતર નિર્મળતાના અંશને વધારે છે તેને વ્રતાદિ પ્રતિમા હોય છે ને તે ભૂમિકામાં અતિચાર મલીનતા થવા દેતો નથી તેને અકષાય આત્મદશાનો અતીન્દ્રિય શાંતિનો સ્વાદ આવે છે.

શ્રાવકને સ્વભાવથી જ સંસારના સર્વ ભાવથી ઉદાસીનતા છે તેથી (૧) ચોરને પ્રેરણા કરે, કરાવે કે અનુમોદે નહીં. (૨) ચોરે લાવેલ ધન લે નહીં, (૩) રાજ્યવિરુદ્ધ કાર્ય કરે નહીં. તે જાણે છે કે સંસારમાં પુણ્યે મોટા તે મોટા છે. મારી યોગ્યતા એવી છે તો મારે માથે રાજા છે. પોતે જાણે છે કે રાજા ખોટું કરે છે પણ તેનો વિરોધ કરવા જેવો છે એમ વિરોધની ભાવના ન ભાવે. વિકલ્પ આવે પણ રાજ્યવિરુદ્ધ પ્રવૃત્તિમાં ભાગ ન લે, કેમકે સંસારમાં પુણ્યે મોટા તે મોટા મનાય છે ને ધર્મમાં ગુણે મોટા તે મોટા કહેવાય છે.

કોઈ કહે કે અમે લૌકિકમાં નીતિવાળા છીએ માટે જે માંસ ન ખાય, નીતિવાન હોય તે જ રાજા કે શેઠની નોકરી કરું; તો તે સંસારમાં ન ચાલે. કેમકે તેના પુણ્ય ઓછા છે. વળી આવા રાજા કે શેઠ હોય તો જ સલામ કરું. નોકરી કરું, એમ જે માને તેને પુણ્યનો ભરોસો નથી. રાજા અન્યાયી હોય તો તારે મધ્યસ્થ રહેવું કારણ કે પૂર્વના કારણ વિના પ્રતિકૂળતા આવે નહીં. માટે સંસારમાં જે પુણ્ય પ્રમાણે મોટા હોય તેને તેના લૌકિક પુણ્ય પ્રમાણે ધર્મીજીવ સ્વીકારે છે, ના ન પડે.

માતાપિતા મિથ્યાદૃષ્ટિ હોય, પુણ્ય ઓછા હોય પણ સમકિતી પુત્ર એમ ન માને

કે તેઓ ધર્મ પામે કે પુણ્યવાન થાય તો જ વિનય કરું ને તો જ વડીલ માનું તે જાણે છે કે આવા સંયોગમાં આવવું તે મારી યોગ્યતા છે એમ જાણી લોકવ્યવહારમાં પણ વિરોધી વર્તન ન કરે. માતા-પિતા-શેઠ, રાજા વગેરે આવા જ જોઈએ—એમ કોઈ માને છે પણ દરેક જીવના પૂર્વના કારણ વિવિધ છે તો સંયોગમાં કાર્યમાં પણ વિચિત્રતા છે. પૂર્વે કારણમાં ફેર હતો તેથી કાર્યમાં ફેર છે છતાં કાર્યરૂપ ફળને બીજી રીતે માગે છે તે પુણ્ય-પાપના નિયમને સમજતો નથી. કોઈ સંયોગ-વિયોગ-અકસ્માત્ નથી. આ સમયે આવી જ યોગ્યતા હોય એમ જ્ઞાની જાણે છે.

રસ્તામાં ચોર લૂંટારા મળ્યા, તો તેને મારી નાખવા જોઈએ, ખોટા અમલદાર આવે તો વિરોધ કરવો જોઈએ—એવી સંયોગની અને વિકારની ભાવના ન કરે, વિકલ્પ આવે તો વસ્તુસ્વરૂપ વિચારી જ્ઞાતા રહે પણ ક્રોધ કરવા જેવો કે લંબાવવા જેવો છે, વેર વિરોધ કરીએ તો જ નભી શકાય એવું ધર્મી માને નહિ. સમ્યગ્દષ્ટિ વિરોધી સાથે લડાઈ પણ કરે છતાં ત્યાં તે પોતાની વર્તમાન નબળાઈનો દોષ માને છે, બીજી ક્ષણે રાગ ટળી જાય એવી ભાવના છે. વિકલ્પ આવે છતાં તેને પોતાની નબળાઈનો દોષ ગણે છે. પણ વિકાર કરવા જેવો છે, રાજ્યકર્તાઓ અન્યાયવાન હોય તો વિરોધ કરવો જોઈએ એમ માનનારને તો આસ્રવની, કર્તાપણાની ભાવના છે ને ત્યાં જ્ઞાતાસ્વભાવનો જ વિરોધ છે.

જ્ઞાનીની દૃષ્ટિ સંસારથી છૂટવાની છે. તેથી રાગરહિત નિવૃત્ત સ્વભાવની મુખ્યતા, ભાવના, આદરમાં તે સાવધાન છે. છતાં કોઈ અતિચારમાં જોડાઈ જાય પણ તેનાથી છૂટી શાંત જ્ઞાનભાવમાં ઠરવા જ માંગે છે. પણ સંયોગ પલટાવું ને ક્રોધાદિ કરવા જેવા છે એમ જે માને છે તેને તો શ્રદ્ધામાં મોટો વિરોધ છે. જ્ઞાનીને વીતરાગદૃષ્ટિ જ મુખ્ય છે તેમાં તો જરાય હાનિ થવા દેતો નથી પણ ચારિત્રમાં નબળાઈથી અતિચાર થઈ જાય તો નિંદા કરી ખેદ પામે છે. હોંસ લાવી બચાવ નથી કરતો કે આવો દોષ તો ગૃહસ્થમાં હોય તેથી વાંધો નહીં. જો એમ કરે તો સ્વચ્છંદી મિથ્યાદૃષ્ટિ છે.

ધર્મી અંદર ઠરવાની, શમાવાની ભાવના કરે છે. ક્યારે સર્વ આસક્તિ છોડી ભાવલિંગી મુનિદશા અંગીકાર કરું, નિર્વિકલ્પ ધ્યાનમાં મસ્ત થઈ દેહ, ઇંદ્રિયને ભૂલી, જંગલમાં શાંત એકાંત સ્વસંવેદનમાં જ રહું એવી વીતરાગ થવાની તેમને ભાવના છે.

હવે બ્રહ્મચર્યાણુવ્રતનું વ્યાખ્યાન કરે છે :—

अशुचिमयं दुर्गन्धं महिलादेहं विरक्तमान् यः ।
रूपं लावण्यं अपि च मनोमोहनकारणं मन्यते ॥३३७॥

यः मन्यते परमहिलां जननी भगिनीसुतादिसदृशां ।
मनसा वचनेन कायेन अपि ब्रह्मव्रती सः भवेत् स्थूलः ॥३३८॥

અર્થ:—બ્રહ્મ નામ અંદર જ્ઞાનાનંદ અનાકુળ શાંતરસથી પૂર્ણસ્વભાવ છે તેમાં નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-લીનતાથી ચરવું કરવું તે જ બ્રહ્મચર્ય છે. નિશ્ચયથી તો પવિત્ર આત્મલીનતામાં જ બ્રહ્મચર્ય માને છે ને દૃષ્ટિમાં પૂર્ણ બ્રહ્મચર્યભાવની ભાવના છે પણ વર્તમાન રાગની ભૂમિકામાં સ્ત્રીસેવનના રાગનો ત્યાગ કરે છે. તેથી સ્ત્રીના દેહને અશુચિમય જાણી તેના રૂપ લાવણ્યને મનને મોહજનક જાણી તેનાથી વિરક્ત થઈ વર્તે છે. શરીર અરુચિ નથી પણ તે પ્રત્યે ભૂંડો રાગ તે તીવ્ર અશુચિ છે. ધર્માત્મા મોટી સ્ત્રીને માતાતુલ્ય, સમાનવયની સ્ત્રીને બહેન તુલ્ય તથા નાની ઉંમરનીને પુત્રી સમાન જાણે છે. બધા અશરીરી પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પવિત્ર છે. પણ વર્તમાન પોતે રાગની ભૂમિકામાં છે છતાં વ્યવહારનીતિમાં ભાન છે કે મારે પરસ્ત્રીનો રાગ ન હોય. મિથ્યાદૃષ્ટિ લૌકિક સજ્જનને પણ પરસ્ત્રી સાથે અને સ્ત્રીને પરપુરુષ સાથે ખોટો વ્યવહાર ન હોય તો આ તો લોકોત્તર સજ્જન છે. સર્વજ્ઞની આજ્ઞાનુસાર પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને જ ઉપાદેય માની નીતિમાં વર્તે છે તે જો સ્વસ્ત્રીનો ત્યાગ ન કરી શકે તો પરસ્ત્રી તરફના રાગનો મન-વચન-કાયાથી ત્યાગ કરે છે. એટલો તો સહજ ત્યાગભાવ છે તે સ્થૂળ બ્રહ્મચર્યાણુવ્રતધારી શ્રાવક છે, પરસ્ત્રીનો તો મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાથી નવકોટિથી ત્યાગ કરે છે. સ્વસ્ત્રીમાં પણ તીવ્ર કામમય થતો નથી. અયોગ્ય વિનોદ-ક્રીડારૂપ પ્રવૃત્તિ નહીં. સ્ત્રીના શરીરને દુર્ગંધી મહામોહનું સ્થાન, જ્ઞાનને ભૂલવાનું કારણ જાણી તેનાથી વિશેષ વૈરાગ્યભાવ રાખે છે તથા (૧) અન્યના સંતાનના વિવાહ કરવા, કરાવવા અનુમોદના કરવી એવી તીવ્રરાગની લપમાં પડે નહીં. (૨-૩) પરની પરણિત, અપરણિત સ્ત્રીનો સંસર્ગ કરે નહીં. (૪) કામક્રીડા કરે નહીં. (૫) કામવાસનાનો તીવ્ર અભિપ્રાય હોય નહીં.

કામવર્ધક પાક, કસ્તૂરી, લસણ, ડુંગળી તથા એવી દવાઓ ધર્મી જીવ ન સેવે. એ પાંચ અતિચાર છે. તેનો ત્યાગ કરે. પૌષ્ટિક ખોરાકથી શરીર સારું રહે એવી ભાવના કરે નહીં. સ્વસ્ત્રીમાં પણ તીવ્રરાગરૂપ વેલછા હોતી નથી. પરસ્ત્રીનો ત્યાગ તો સાત વ્યસનના ત્યાગમાં પ્રથમ પ્રતિમામાં જ આવી જાય છે. અહીં તો અતિ તીવ્ર કામ વાસનાનો પણ સહજ ત્યાગ છે. તેથી અતિચારરહિત વ્રતપાળે છે.

હવે પરિગ્રહપ્રમાણ નામના પાંચમાં અણુવ્રતનું કથન કરે છે.

यः लोभं निहन्य सन्तोषरसायनेन सन्तुष्टः ।
निहन्ति तृष्णाः दुष्टाः मन्यमानः विनश्वरं सर्वं ॥३३९॥

य: परिमाणं करोति धन धान्य सुवर्ण क्षेत्रादीनां ।
उपयोगं ज्ञाता अणुव्रतं पंचम तस्य ॥३४०॥

અર્થ:—શ્રાવક લોભકષાયને અલ્પ કરી પોતાના નિર્લોભી, પવિત્ર અખંડાનંદ સુખમાં સંતોષરૂપ રસાયણથી સંતુષ્ટ થયો થકો સર્વ ધન ધાન્યાદિક પરિગ્રહને વિનાશીક માની દુષ્ટ તૃષ્ણાને અતિશય હણે છે. તથા ધનધાન્ય સુવર્ણ ક્ષેત્રાદિકની પોતાના ઉપયોગ સામર્થ્ય અનુસાર મર્યાદા કરે છે. પાંચ લાખ રૂપિયા આખી જિંદગીમાં મળે તેમ ન હોય છતાં મોટી આશાવાળી ધનમર્યાદા કરે એને તીવ્ર લોભ છે. એવો લોભ શ્રાવકને હોય નહીં. ધર્મ રુચિવાન જીવ પૈસા લઈને દાનમાં દઉં કે તેની વ્યવસ્થામાં રોકાઉં એવી ભાવના પણ ન ભાવે.

આત્મા પરવસ્તુ ધન-ધાન્ય સુવર્ણને ગ્રહણ કરી શકતો નથી તેમ જ ત્યાગ પણ કરી શકતો નથી. શ્રાવક ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાનાનંદની રુચિ અને મુખ્યતામાં વર્તતો દૃઢ ચિત્તથી બાહ્ય પરિગ્રહમાં તૃષ્ણા ઘટાડી અતિચારરહિત પરિગ્રહ-પરિમાણ-દેશવ્રતનું પાલન કરે છે.

હવે તે વ્રતોની રક્ષા કરવાવાળા સાત શીલ છે તેનું વ્યાખ્યાન કરે છે. તેમાં પ્રથમ ત્રણ ગુણવ્રતમાં પહેલાં ગુણવ્રતને કહે છે.

यथा लोभनाशनार्थं संज्ञाप्रमाण भवेत् जीवस्य ।
सर्वासु दिक्षु प्रमाण तथा लोभं नाशयेत् नियमात् ॥३४१॥
यत् परिमाणं क्रियते दिशानां सर्वासां सुप्रसिद्धानां ।
उपयोगं ज्ञात्वा गुणव्रतं जानीहि तत् प्रथमं ॥३४२॥

અર્થ:—લોભનો નાશ કરવા માટે નિર્લોભ પવિત્ર સહજ જ્ઞાનાનંદ અમૃતરસથી પૂર્ણ છું એવું ભાન અને અંશે શાંતિરૂપ લીનતા થઈ છે તેવા જ્ઞાની દિશાનું માપ કરે છે કે સર્વ દિશામાં અમુક ગાઉં સુધી જવું, તેથી આગળ ન જવું. જ્ઞાની ચૈતન્યરૂપ અસંખ્યપ્રદેશી ક્ષેત્રને છોડી બાહ્યક્ષેત્રમાં કદી ગયો નથી, જઈ શકતો નથી, પણ બાહ્યક્ષેત્રે ગમન કરવાનો રાગ તૃષ્ણા ઘટાડે છે. નિર્મમત્વ જ્ઞાનશાંતિને અંગીકાર કરે છે અને વર્તમાન નબળાઈથી વધુ ત્યાગ ન કરી શકે તો પ્રયોજન જેટલી જરૂરિયાત જાણી દિશાઓનું માપ કરે તે, પાંચે અણુવ્રતના પાલનમાં, મમતામાં ઘટાડો કરી, સમતામાં રહેવાની ભાવના પુષ્ટ કરનારું આ પ્રથમ ગુણવ્રત છે. જેમ બને તેમ લોભનો નાશ કરવા માટે દૂર ક્ષેત્રે જવાના રાગની મર્યાદા કરે છે. પછી તે દિશા મર્યાદાથી દૂર લાખો રૂપિયા વગેરે મળે તેમ હોય તોપણ તે જાય નહિ. એ પ્રમાણે નિવૃત્તિમય વીતરાગ શાંતિની રુચિ

વધારી અંશે લોભ ઘટાડ્યો છે. ક્ષેત્રપ્રમાણથી પહેલી બાજુ ન જવાથી એ સંબંધી હિંસાનું પાપ-આકુળતારૂપ ઇચ્છાનું પાપ લાગતું નથી. તેથી તે બાજુ સંબંધી ઇચ્છા-રહિત થયો એ અપેક્ષાએ તે ગુણવ્રત બરાબર થયા.

દેવ આવીને લાલચ આપે અથવા ભય દેખાડે તોપણ દૃઢવ્રતી ચળે નહિ. સંયોગ-ક્ષેત્ર આદિમાં ધર્મ-અધર્મ નથી પણ નિમિત્તથી કથન કર્યું છે. પ્રયોજન તો રાગ ઘટાડી અતીન્દ્રિય આત્મશાંતિનું છે. પંચમ ગુણસ્થાનમાં આત્મિક જ્ઞાનશાંતિના અવલંબનમાં સર્વાર્થસિદ્ધિનાં સમકિતી દેવ કરતાં વધુ શાંતિ છે, એ શ્રાવકપણું કેવું હશે!

ધર્મીજીવની ટેક એવી હોય છે કે પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય. ધર્મનાથ તીર્થંકર ભગવાનના સ્તવનમાં કહે છે:—

"ધર્મ જિનેશ્વર ગાઉં હો રંગ શું; ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર;
બીજો મનમંદિર આણું નહિ; એ અમ કુળ વટ રીત જિનેશ્વર."

અશરીરી સિદ્ધની જાતનો જ હું છું તેનો એકનો જ આદર કરવાની મારી દૃઢ ટેક છે. તેથી સ્વપ્ને ય પુણ્ય-પાપ સંસારની વાતનો આદર કરું નહીં, હું પણ સિદ્ધ ચિદાનંદ પૂર્ણ થયા તેના કુળનો કેડાયત છું, ચાર ગતિમાં જવાનો રાગ કલંક છે. અતીન્દ્રિય સિદ્ધ પરમાત્મપણાના મહિમા વડે સર્વ કલંક ટાળી વીતરાગી થવાનો જ છું એમ ધર્મી ગૃહસ્થદશામાં કોલકરાર કરી દૃઢવ્રતી થાય છે.

હવે આગળ બીજું અનર્થદંડવિરતિ ગુણવ્રત કહે છે :—

कार्यं किमपि न साध्यति नित्यं पाप करोति य अर्थः ।
सः खलु भवेत् अनर्थः पञ्चप्रकार अपि: सः विविध ॥३४३॥

અર્થ:—જે કાર્યથી પોતાનું પ્રયોજન કાંઈ પણ ન સધાય, માત્ર પાપ જ થાય તે અનર્થદંડરૂપ આત્મહિંસાના પાંચ પ્રકાર મુખ્ય છે.

ભાવાર્થ:—પ્રયોજન વિના પાપ ઉપજાવે તેના અપધ્યાન, પાપઉપદેશ, હિંસાના સાધનોનું પ્રદાન તથા દુઃશ્રુતિશ્રવણ એવા અનેક પ્રકાર છે.

परदोषानां ग्रहणं परलक्ष्मीनां समीहनं यत् च ।
परस्त्री आलोकः परकलहालोकनं प्रथमं ॥३४४॥

અર્થ:—ધર્મીજીવ બીજાના દોષ ગ્રહણ કરે નહિ, કુથલી-નિંદા કરે નહીં, પોતાની અપૂર્વ આત્મશાંતિરૂપ સંપદાને પોતાની માનતો થકો સ્વભાવથી સંતોષવાન છે. તેથી

અન્યની લક્ષ્મીની વાંચ્છા ન કરે. પરસ્ત્રીને રાગથી નીરખવી, તેની સામે તાકી તાકીને જોવું, પરના કજીયા જોવા ઇત્યાદિ ન કરે. કેમકે અપ્રત્યાખ્યાનાવરણીય સંબંધી કષાયનો અભાવ કરી સમતારસમાં ઠરતો જાય છે.

ધર્મીજીવ વિના પ્રયોજન કોઈ સંસારકાર્યમાં રોકાય નહીં. કોઈ સમકિતી ગરીબ પણ હોય. બધા જ્ઞાની સધન જ હોય એમ નથી. સધનતા એ ગુણ નથી ને નિર્ધનતા એ દોષ નથી. સાતમી નરકમાં સમકિતી હોય તે બાહ્યમાં પાપનો સંયોગ છે. છતાં આત્મશાંતિવાન સુખી છે ને બ્રહ્મદત્ત ચક્રવર્તી મિથ્યાદ્દષ્ટિ હતો તો દુઃખી છે.

ધર્મીજીવ કોઈના ઝગડામાં પડે નહીં, કેમ કે એવી લપમાં શાંતસ્વરૂપની જાગૃતિ છોડવી પડે છે માટે પાપ ઉપદેશથી ધર્મીજીવ નિવર્તે છે.

यः उपदेशः दीयते कृषिपशुपालन वाणिज्यप्रमुखेषु ।
परस्त्रीसंयोगे अनर्थदण्डः भवेत् द्वितीयः ॥३४५॥

અર્થઃ—ખેતી કરવી, પશુપાલન, વાણિજ્ય તથા સ્ત્રી-પુરુષનો સંયોગ થાય તેવો ઉપાય બતાવવો ઇત્યાદિ પાપસહિત કાર્યોનો બીજાને ઉપદેશ આપવો, વિધવા વિવાહની સંમતિ આપવી વગેરે કાર્યને ધર્મીજીવ અનર્થ પાપરૂપ માને છે. જે શુભ પુણ્યકર્મને પણ ઝેર માને તે અનર્થદંડના પાપને ભલું કેમ માને? ન જ માને.

પશુપાલનમાં આવી કમાણી છે, ઘરના ઘી–દૂધના મલાવા કરવા વગેરે મમતા પાંચમા ગુણસ્થાને ન હોય. દયાના ભાવ તે પુણ્ય છે, તેનો નિષેધ નથી, પણ આના પાલનથી થાય એમ માને નહીં. ખેતી, પશુપાલન વગેરેમાં રોકાવું તે પાપરાગ છે એમ જાણી વિના પ્રયોજન એવી તૃષ્ણા ધર્મી કરતો નથી. બીજાને પાપનો ઉપદેશ કરવામાં કેવળ પાપબંધ છે. ગૃહસ્થદશામાં પશુપાલનાદિનો રાગ હોય. પણ બીજાને ઉપદેશ આપી સંસારમાં ઊંડા ઉતારે નહીં કેમકે નકામો એવી લપમાં વ્રતનો ભંગ થાય છે. તેવા દોષને છોડતાં પાંચ અણુવ્રતની રક્ષા થાય છે. આત્મભાનની જાગૃતિમાં સહજ અશુભનો ત્યાગ થાય છે ને અનર્થદંડના પાપ-પરિણામ થતા નથી.

આગળ ત્રીજા પ્રમાદચર્યા નામના અનર્થદંડને કહે છે.

विकलः यः व्यापारः पृथ्वीतोयानां अग्निपवनाना ।
तथा अपि वनस्पतिच्छेदः अनर्थदण्डः भवेत् तृतीय ॥३४६॥

અર્થઃ—નિષ્પ્રયોજન પૃથ્વી ખોદવી, જળ ઢોળવું, જળમાં પથ્થર ફેંકવા, અગ્નિ

વાયરાના વ્યાપારમાં પ્રવૃત્તિ કરવી તથા લીલોતરી વિના પ્રયોજન તોડયા કરવી તે પ્રમાદચર્યા નામનો અનર્થદંડ છે.

પરંતુ કરવું-ન કરવું તે વાત નથી પણ તીવ્રકષાયરૂપ આવાં પ્રમાદ કાર્યોમાં ત્રસ-સ્થાવરની હિંસાનું પાપ જ થાય છે તેથી પંચમ ગુણસ્થાન વર્તી આવા નિમિત્તમાં જોડાતો નથી.

હવે હિંસાધન નામના ચોથા અનર્થદંડને કહે છે.

माज्जरिप्रभृतिधरणं आयुधलोहादिविक्रयः यत् च ।
लाक्षाखलादिग्रहण अनर्थदण्डः भवेत् तुर्य ॥३४७॥

અર્થ:—બિલાડી, કૂકડાં, કૂતરા વગેરે હિંસક પશુને પાળવાં, લોખંડ અને લોઢાના હથિયારનો વ્યાપાર તથા લેણ-દેણ કરવી, લાખ, ઝેરી વસ્તુ વગેરેનો વેપાર કરવો, તેમાં પાપ જ છે. એમ જાણી હિંસાધન નામનો અનર્થદંડ છોડતાં જ વ્રતની રક્ષા થાય છે.

[ ક્રમશ: ]

—*—

## વૈરાગ્ય સમાચાર :—

* લીંબડીનિવાસી શ્રી મંગળાબેન અમૃતલાલ ચુડગર (વર્ષ–૮૫) તા. ૨૧–૧૧–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી કુ. હીના નવીનચંદ્ર મથુરદાસ દોશી (વર્ષ–૨૧) તા. ૭–૧૨–૯૨ના રોજ મુંબઈ મુકામે ટ્રેઈન–અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી સમતાબેન કાંતિલાલ ખંધાર (વર્ષ–૭૪) લીંબડી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી મધુકાંતાબેન કનુભાઈ લક્ષ્મીચંદ શાહ (વર્ષ–૬૦) તા. ૨૩–૧૨–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી શ્રી સાંકળીબેન મોહનલાલ ટોળીયા (વર્ષ–૯૫) તા. ૨૩–૧૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

## આધ્યાત્મિક પ્રકાશન

# ❋ સૂચિ–પત્ર ❋

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| **❋ મૂળ શાસ્ત્ર ❋** | |
| શ્રી સમયસાર | પ્રેસમાં |
| ,, પ્રવચનસાર | ૧૫-૦૦ |
| ,, प्रवचनसार | प्रेसमें |
| ,, નિયમસાર | ૯-૦૦ |
| ,, नियमसार | ३०-०० |
| ,, पंचास्तिकायसंग्रह | २०-०० |
| ,, પંચાસ્તિકાયસંગ્રહ | ૯-૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮-૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦-૦૦ |
| ,, પદ્મનંદિ-પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | ६-५० |
| ,, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા | ૧૫-૦૦ |
| ,, ઇષ્ટોપદેશ | ૭-૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫-૫૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | ५-०० |
| ,, પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૫-૦૦ |
| ,, સમયસાર-કલશ | ૭-૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦-૦૦ |
| ,, नाटक समयसार | ७-०० |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૪-૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | ७-०० |
| ,, ચિદ્વિલાસ | ૧-૭૫ |
| ,, चिद्विलास | प्रेसमें |
| ,, અનુભવપ્રકાશ | ૨-૦૦ |
| ,, अनुभवप्रकाश | ५-०० |
| ,, सत्तास्वरूप | २-५० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી सत्तास्वरूप | ૨-૫૦ |
| ,, મોક્ષમાર્ગપ્રકાશક | ૧૭-૦૦ |
| ,, છ-ઢાળા | ૩-૫૦ |
| ,, छ-ढाला | प्रेसमें |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૪-૦૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩-૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | ३-०० |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪-૫૦ |
| " द्रव्यदृष्टि प्रकाश | प्रेसमें |
| " આલોચના | ૧-૦૦ |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩-૦૦ |
| ,, સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી | ૩-૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (૫ અધ્યાયવાળી) | ૩-૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका ( ,, ) | ३-०० |
| ,, સમયસાર હરિગીત | ૧-૦૦ |
| ,, પ્રવચનસાર હરિગીત | ૧-૦૦ |
| ,, અષ્ટપ્રાભૃત ( હરિગીત ) | ૧-૦૦ |
| ,, નિયમસાર હરિગીત | ૦-૫૦ |
| ,, समाधितन्त्र ( गुटको ) | ०-५५ |

### ❋ પ્રવચન સાહિત્ય ❋

| | | |
|---|---|---|
| શ્રી પ્રવચનરત્નાકર | ભાગ-૨ | ૫-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૩ | ૬-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૪ | ૭-૫૦ |
| ,, ,, ,, | ભાગ-૫ | ૮-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૬ | ૭-૦૦ |
| ,, ,, ,, | ભાગ-૭ | ૮-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ–૮ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૯ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૦ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૧ | ૧૪–૦૦ |
| શ્રી સમયસાર પ્રવચન ભાગ–૧/૨ | પ્રેસમાં |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૫ | ૧૫–૦૦ |
| श्री समयसार प्रवचन भाग–२ | ७–०० |
| ,, ,, ,, भाग–३ | ७–०० |
| ,, ,, ,, भाग–४ | ८–०० |
| ,, ઇષ્ટોપદેશ પ્રવચન | ૯–૦૦ |
| ,, આત્મભાવના (સમાધિતંત્ર પર પ્રવચનો) | ૫–૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧–૨૫ |
| ,, परमागमसार | प्रेसमें |
| ,, વચનામૃત–પ્રવચન ભાગ–૧ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૨ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૨–૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૧૫–૦૦ |
| ,, પ્રવચન પીયૂષ | ૮–૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭–૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૫–૦૦ |
| ,, રત્નકરંડશ્રાવકાચાર | ૧૨–૦૦ |
| ,, सम्यग्ज्ञान दीपिका | १३–०० |
| ,, સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧૩–૦૦ |
| ,, અધ્યાત્મસંદેશ | ૫–૫૦ |
| ,, ધર્મની ક્રિયા | પ્રેસમાં |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬–૦૦ |
| ,, वस्तुविज्ञानसार | ८–०० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી વીતરાગ–વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ–૧ | ૧–૨૫ |
| ,, ,, ,, ભાગ–૨ | ૧–૫૦ |
| ,, (છ ઢાળા પ્રવચન) ભાગ–૪ | ૨–૨૫ |
| श्री वीतराग–विज्ञान (छ ढाला प्रवचन) भाग–१ | २–७५ |
| ,, ,, ,, भाग–२ | १–७५ |
| श्री वीतराग–विज्ञान (छ ढाला प्रवचन) भाग–३ | ३–०० |
| ,, धन्यावतार | २–०० |
| ,, ધન્યાવતાર | ૨–૦૦ |

પૂજા ભક્તિ–સ્વાધ્યાય

| | |
|---|---|
| ,, જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૨–૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | ૫–૦૦ |
| ,, सिद्धचक्र विधान पूजा | १०–०० |
| ,, નંદીશ્વરભજન–પૂજન સંગ્રહ | ૩–૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | ૧–૦૦ |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૩–૦૦ |
| ,, શાસ્ત્રસ્વાધ્યાય | ૫–૦૦ |

અન્ય

| | |
|---|---|
| શ્રી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૨૫–૦૦ |
| ,, આત્મધર્મ જન્મશતાબ્દિ વિશેષાંક | ૧૦–૦૦ |
| ,, आत्मधर्म जन्मशताब्दि विशेषांक | १०–०० |
| ,, પૂજ્ય બેનશ્રીની સાધના અને વાણી | ૧૫–૦૦ |
| ,, દ્વાદશ–અનુપ્રેક્ષા | ૨–૦૦ |
| ,, તત્ત્વાનુશીલન | ૨–૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| પૂજ્ય સોગાનીજીનાં આધ્યાત્મિક પત્રો | ૨–૦૦ |
| શ્રી જ્ઞાનામૃત | ૨–૦૦ |
| ,, ज्ञानामृत | २–०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩–૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨–૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १–०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩–૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३–०० |
| ,, ભગવાન આત્મા | ૩–૦૦ |
| ,, विधि-विज्ञान | ३–०० |
| ,, प्रतिक्रमण | ६–०० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग–२ | १–५० |
| ,, ,, ,, ,, भाग–३ | १–४० |
| ,, જૈન બાળપોથી ભાગ–૧ | ૧–૫૦ |
| ,, ,, ,, ભાગ–૨ | ૨–૦૦ |
| ,, जैन बालपोथी भाग–१ | १–५० |
| ,, जैन बालपोथी भाग–२ | २–०० |
| ,, મહારાણી ચેલણા | ૧–૦૦ |
| ,, અધ્યાત્મ યુગપુરુષશ્રી કાનજીસ્વામી | ૨–૦૦ |
| ,, अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | २–०० |
| ,, અધ્યાત્મદ્રષ્ટા | ૫–૦૦ |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | ૧–૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦–૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०–५० |
| ,, આરાધના | ૦–૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧–૨૫ |
| ,, મૂળમાં ભૂલ | ૪–૦૦ |
| ,, પરિચય પુસ્તિકા | ૧–૦૦ |
| ,, परिचय पुस्तिका | १–०० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પરિચય પુસ્તિકા ( English ) | ૧–૦૦ |
| ,, પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું જીવન અને સંદેશ (English) | ૨–૨૫ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩–૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩–૦૦ |
| ,, જિન શાસન સત્વ | ૮–૦૦ |
| ,, जिनशासनसत्वं | ८–०० |
| ,, प्रयोजन सिद्धि | २–०० |

## માઉન્ટવાળા ફોટા

| | |
|---|---|
| ૧૪×૧૬ મોટી સાઈઝ કલર | ૨૧–૦૦ |
| ,, ,, બ્લેક | ૧૨–૦૦ |
| ૧૦"×૧૨" મીડીયમ બ્લેક | ૭–૦૦ |
| ( પાસપોર્ટ સાઈઝ ) ફોટા | ૧–૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦–૦૦ |
| નિત્યદર્શન | ૪–૦૦ |
| તીર્થધામ સોનગઢ ( કેલેન્ડર ) | ૭–૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫–૦૦ |
| સ્ટીકર | ૧–૦૦ |
| ટાઈલ્સ (ગુરુદેવશ્રીનાં ચરણ ચિહ્ન) | ૧૦–૦૦ |
| ,, ( ગુરુદેવશ્રીનાં ફોટા ) | ૭–૦૦ |

## * લેમીનેશન ફોટા *

| | |
|---|---|
| ૮"×૧૦" | ૫૦–૦૦ |
| ૧૬"×૨૦" | ૩૨૫–૦૦ |
| ૯"×૧૪" | ૧૭૫–૦૦ |
| ૧૨×૧૫" | ૧૨૫–૦૦ |

પુસ્તકોમાં ૧૦% કમીશન શ્રી કળાવંતીબેન હસમુખલાલ વોરા મુંબઈ તરફથી આપવામાં આવે છે.

—*—

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી, તા. ૫-૧-૯૩

* સોનગઢમાં નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ અને ત્યાર બાદ જિનેન્દ્ર-દર્શન-પૂજા;

સવારે : શ્રી સમયસાર પર (૧૬મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન અને ત્યાર બાદ પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ;

બપોરે : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન અને ત્યાર બાદ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ તેમ જ જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ;

સાંજે : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન.

* નાતાલ-વેકેશનનો તા. ૨૪-૧૨-૯૨ થી તા. ૨-૧-૯૩નો દસ દિવસીય શિક્ષણવર્ગ સુચારુરૂપે ચાલ્યો હતો. ઉત્તમવર્ગમાં બ્ર. શ્રી ચંદુલાલભાઈ ઝોબાળીયાએ સવારે શ્રી પ્રવચનસારની ગાથા-૧૦ તથા ગાથા-૮૦ ઉપર અને બપોરે શ્રી સમયસારની ગાથા-૧૩ ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈએ સવારે શ્રી જૈનસિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા ઉપર અને બપોરે શ્રી મોક્ષમાર્ગ-પ્રકાશકના ત્રીજા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. શિક્ષણનો લાભ લેવા બહારગામથી પણ મુમુક્ષુઓ આવ્યા હતા. સાંજે શ્રી કળશટીકા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચનને બદલે નાઈરોબીમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલાં પ્રવચનોની વિડિયો કેસેટ રાખવામાં આવતી હતી.

* શ્રી ઋષભનિર્વાણદિન:—પોષ વદ-૧૪, ગુરુવાર, તા. ૨૧-૧-૯૩ના રોજ પરમપૂજ્ય ૧૦૦૮ શ્રી આદિનાથ ભગવાનના વીતરાગભાવવાહી વિશાળ જિનબિંબ સમક્ષ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી ઋષભ-નિર્વાણ-વાર્ષિકપર્વ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

* વિક્રમ સંવત ૧૯૯૭માં પંચકલ્યાણક-મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠા-તિથિ, માઘ વદી-૧૧, મંગળવાર તા. ૧૬-૨-૯૩થી ફાગણ સુદ-૨, મંગળવાર તા. ૨૩-૨-૯૩ —આઠ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાનોપાસના, 'વીસ-વિહરમાન-જિનમંડલવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* મુમુક્ષુ સમાજના તારણહાર, સ્વાનુભવપ્રેરણામૂર્તિ, અનંત-ઉપકારી પરમપૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રતાપે જેઓને સ્વાનુભૂતિ પ્રાપ્ત થઈ તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૧મી સમ્યક્ત્વ-જયંતી, કાનાતળાવનિવાસી-હાલ સુરત-શ્રી સાકરબેન દેવજીભાઈ વાલાભાઈ રૂપારેલીયા (પટેલ) તરફથી આગામી ફાગણ વદ ૬, શનિવાર, તા. ૧૩-૩-૯૩ ફાગણ વદ-૧૦, બુધવાર, તા. ૧૭-૩-૯૩—પાંચ દિવસ અત્યંત આનંદોલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવવામાં આવશે. વિશેષ સમાચાર આગામી અંકમાં.

પધારો...... પધારો...... જરૂર પધારજો

ખંડવા શહેર (મધ્ય પ્રદેશ)માં

# ॐ શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા ॐ

[ તા. ૨૯-૧-૯૩ થી તા. ૫-૨-૯૩ ]

ખંડવા ( મધ્ય પ્રદેશ )ના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ-શ્રદ્ધામ્નાયાનુયાયી દિગંબર જૈન મુમુક્ષુમંડળ તેમ જ શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિ૦ જૈનમંદિર ટ્રસ્ટ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ શ્રદ્ધાભક્તિવંત સમસ્ત અધ્યાત્મતત્ત્વપ્રેમી મુમુક્ષુસમાજને સાદર, વિનમ્ર તેમ જ હાર્દિક અનુરોધ છે કે આગામી માઘ સુદ ૬, શુક્રવાર, તા. ૨૯-૧-૯૩ થી માઘ સુદ ૧૩, શુક્રવાર, તા. ૫-૨-૯૩ —આઠ દિવસ અમારા ખંડવા ( મધ્ય પ્રદેશ )માં—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારછાયામાં અત્યાનંદોલ્લાસ સહ સમ્પન્ન થનારા 'શ્રી આદિનાથ આદિ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ'માં આપ સર્વે સપરિવાર તેમ જ મુમુક્ષુ-મિત્રમંડળ સહિત પધારીને પૂજ્ય કહાનગુરુ દ્વારા પ્રસારિત ધર્મભાવનાની શોભામાં તથા અમારા ધર્મોલ્લાસમાં અભિવૃદ્ધિ કરશો. ખંડવા પધારવાથી પંચકલ્યાણકના જિનેન્દ્રભક્તિભીના ભાવવાહી કાર્યક્રમ ઉપરાંત આપ ખંડવાના અન્ય જિનમંદિરોમાં સ્થિત પ્રાચીન જિનબિંબોના દર્શન-પૂજનો, સમીપસ્થ બડવાની પાવાગિરિ (ઊન), સિદ્ધવરકૂટ આદિ સિદ્ધક્ષેત્ર, ઇન્દૌર શહેરના વિશાલ ભવ્ય જિનમંદિર તથા 'ગોમ્મટગિરિ' આદિની ભવ્ય યાત્રાનો પણ લાભ લઈ શકશો. પંચકલ્યાણક-મહોત્સવની ભવ્ય નિમંત્રણપત્રિકા મોકલી આપવામાં આવી છે.

**સૂચના:**—(૧) પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની તથા અખંડદીપ-પ્રદીપન, ધર્મધ્વજારોહણ અને પંચપરમેષ્ઠીમંડલવિધાનના ઇન્દ્રોની બોલી તા. ૨૮-૧-૯૩, ગુરુવારના રોજ તથા—(૨) પંચકલ્યાણકના ઇન્દ્ર, કુબેર ઇત્યાદિની બોલી તા. ૨૯-૧-૯૩, શુક્રવારના રોજ બોલવામાં આવશે.

**નોંધ:**—આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે. નિમંત્રણપત્રિકા મોકલી આપવામાં આવી છે; કોઈને ન મળી હોય તો સર્વેને પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

નિમંત્રક :—

શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિ૦ જૈનમંદિર ટ્રસ્ટ, ખંડવા

અધ્યક્ષ—કૈલાશચન્દ્ર જૈન

# 卐 જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે 卐

* અહો ! આજે ભગવાન પધાર્યા. એવા મંગળ મુહૂર્તે શ્રી સીમંધર ભગવાન પધાર્યા કે એમની પાછળ ક્રમશઃ આખા સૌરાષ્ટ્રમાં જિનેન્દ્રવૃંદ ઊતરી પડયા; ગામે ગામ ભગવાન પધાર્યા. અહો ! જગતમાં સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. આપણે ત્યાં ભગવાન પધાર્યા, દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું, તેની શી વાત ! વિદેહના વિહરમાન ભગવાન—જાણે સાક્ષાત્ ભગવાન—આપણે આંગણે પધાર્યા ! શ્રી સીમંધર ભગવાનનો જયારે મંદિરના દ્વારમાં પ્રવેશ થયો ત્યારે ગુરુદેવે અતિશય ભક્તિભાવથી ‘પધારો ભગવાન ! પધારો ’—એમ સ્વાગત કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે આશ્ચર્યમુગ્ધ થઈ ભગવાનના દર્શન કર્યાં ત્યારે એમની આંખોમાંથી આનંદના આંસુ વહેવા લાગ્યાં હતાં. અહા ! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 ‘ Licensed to post without prepayment ’

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-